RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 166, Dt.27-09-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આરોપીને લાંબો સમય કેદમાં રાખવાની મંજુરી આપી શકાય નહિં

## કેસ વ્યાજબી સમયમાં પૂર્ણ થાય તેમ ન હોય ત્યારે અદાલતોએ આરોપીને જામીન આપવા પડેઃ સુપ્રિમ કોર્ટ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે કે બંધારણીય કોટર્સ એન્ફોર્સમેન્ટ ડાયરેકટરેટ (ઈડી)ને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરીંગ એકટ (પીએમએલએ)ની જોગવાઈઓનો ઉપયોગ કરી આરોપીને લાંબો સમય કેદમાં રાખવાની મંજુરી આપી શકે નહિં.પીએમએલએ હેઠળ કેસની સુનાવણી લાંબો સમય ચાલે તો બંધારણીય કોટર્સે જામીન આપવાની સતાનો ઉપયોગ કરવો જોઈએ.

સુપ્રિમ કોર્ટની બેન્ચે જણાવ્યું હતું કે પીએમએલએની કલમ ૪૫ (૧) (!!) રાજયને વધુ પડતા લાંબા સમય માટે આરોપીને કેદમાં રાખવાની સત્તા આપતી નથી. ખાસ કરીને કેસ વ્યાજબી સમયમાં પુરો થવાની શકયતા ન હોય ત્યારે આરોપીને કેદમાં રાખી શકાય નહીં. જજ અભય ઓકા અને જજ ઓગસ્ટિન જયોર્જ મસીહે જણાવ્યું હતુંકે વાજબી સમયનો આધાર આરોપી પર લગાવાયેલી જોગવાઈઓ અને અન્ય પરિબળો પર આધાર રાખે છે.જેમાં ગુના માટેની મહતમ અને લઘુતમ સજા મહત્વનું પરિબળ બની શકે.કોર્ટે તમિલનાડુનાં મંત્રી અને, ડીએમકે નેતા સેંથિલ બાલાજીને મની લોન્ડરીંગ કેસમાં જામીન આપતી વખતે આવી ટીપ્પણી કરી હતી. કેસ પુરો થવામાં વધુ પડતા વિલંબને ધ્યાનમાં રાખીને સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે દેશની ફોજદારી પ્રક્રિયાનો સ્થાપિત સિધ્ધાંત છે કે જામીન નિયમ છે અને જેલ અપવાદ છે.સુપ્રિમ કોર્ટે જણાવ્યુ હતું કે કેસ વ્યાજબી સમયમાં પુરો થવાની શકયતા ન હોય ત્યારે પીએમએલએની કલમ ૪૫ (૧) (!!) ની કડક જોગવાઈઓનો ઉપયોગ આરોપીને લાંબો સમય કેદમાં રાખવા માટે કરી શકાય નહિં. કે જે નજીબ



કેસનાં ચુકાદાને ટાંકી સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે બંધારણીય કોર્ટસનાં જજો પાસે બહોળો અનુભવ હોય છે. જજોને જણાય કે કેસની સુનાવણી વ્યાજબી સમયમાં પુરી થવાની શકયતા નથી.

## શાકભાજી મોંઘાદાટ બનવા પાછળ વરસાદ જવાબદાર

### ખરાબ રસ્તાઓને કારણે સમયસર સપ્લાય શકય બનતી નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાત સાહીત્ય દેશના અનેક ભાગોમાં ભારે વરસાદની અસર હેઠળ શાકભાજીનાં ભાવમાં તોતીંગ વધારો છે તે પાછળનુ કારણ પાકને નુકશાન ઉપરાંત ખરાબ રસ્તા પણ જવાબદાર છે. ખરાબ રસ્તાઓને કારણે ઉત્પાદકો શાકભાજી જે તે સેન્ટરમાં સમયસર પહોંચાડી શકતા નથી.

શાકભાજીનાં વેપારીઓનાં કહેવા પ્રમાણે છેલ્લા એક મહિના કરતાં વધુ સમયથી શાકભાજી મોંઘાદાટ છે. ગુજરાત, મહારાષ્ટ્ર, હિમાચલ, આંધ્રપ્રદેશ જેવા ઉત્પાદક રાજયોમાં ભારે વરસાદ વરસવાને કારણે આ સ્થિતિ સર્જાઈ છે.મહાનગરોમાં ડુંગળી, બટેટાનાં ભાવ પણ ૭૦ રૂપિયા થઈ ગયા છે અને અન્ય શાકભાજી પણ ૧૦૦ રૂપિયાથી ઉંચા બોલાય છે. સરકાર દ્વારા ગણતરીમાં લેવાતાં ડુંગળીનાં ભાવ પણ રૂા.૫૩.૪૬ થયા છે જે એક મહિના પૂર્વેનાં રૂા.૪૬ થી ૧૬.૫૫ ટકા વધ્યા છે. આ દરમ્યાન બટેટાનાં ભાવ રૂા.૪૬ થી વધીને રૂા.૫૦ થયા છે.

ચોમાસામાં શાકભાજી સામાન્ય રીતે મોંઘા રહેતા હોય છે પરંતુ ભાદરવા મહિનામાં સસ્તા થઈ જાય છે. પરંતુ આ વખતે ભાદરવામાં પણ ભાવ ઉંચા છે.પાક પ્રભાવીત થવા ઉપરાંત ભાંગેલા-તૂટેલા રસ્તા તે પાછળનુ મોટુ કારણ બન્યુ છે. રસ્તા ખરાબ હોવાથી શાકભાજી સમયસર પહોંચી શકતા નથી.

## જો હું પીએમ પદ માટે ડિઝર્વ કરતો હોઈશ તો તે મને મળી જશેઃ નીતિન ગડકરી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ વડાપ્રધાન પદની ઓફરની ચર્ચાઓ વચ્ચે મોટું નિવેદન આપ્યું છે. એક કાર્યક્રમમાં તેમણે કહ્યુ કે, પહું કંઈક બનવા માટે રાજકારણમાં આવ્યો નથી. આજે હું દિલથી બોલી રહ્યો છું કે મને કોઈ સમસ્યા નથી. મારી કોઈ મહત્વાકાંક્ષા નથી. જો હું પીએમ પદ માટે ડિઝર્વ કરતો હોઈશ તો તે મને મળી જશે.

વડાપ્રધાન મોદીની વધતી વય અને આરએસએસમાં તેમની શાખ વિશે પણ ગડકરીને સવાલ કરાયો હતો. કાર્યક્રમમાં ગડકરીને સવાલ કરાયો કે શું પીએમ મોદી પછી તમને પ્રમોશન મળશે? તેના જવાબમાં ગડકરીએ કહ્યું કે હું આરએસએસનો સ્વયંસેવક છું. પીએમ મોદીનો સવાલ તમે તેમને જ પૂછો પણ હું ચોખવટ કરવા માગું છું કે પીએમ મોદી સાથે મારા સંબંધો સારા જ છે.



નીતિન ગડકરી પાસે છેલ્લા દસ વર્ષથી કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયની જવાબદારી છે. આ કાર્યક્રમમાં તેમને પૂછવામાં આવ્યું કે શું તમારા અનુભવ મુજબ વધુ મંત્રાલયો ન મળવા જોઈએ? આ અંગે તેમણે કહ્યુ કે, પહું ક્યારેય કોઈની પાસે કંઈ માંગવા ગયો નથી. હું ૫ ટકા રાજકારણ અને ૯૫ ટકા સમાજ સેવામાં માનું છું.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે, પમને વિપક્ષ તરફથી વડાપ્રધાન પદની ઓફર આવી હતી. પરંતુ મેં વૈચારિક કારણોસર આ ઓફર નકારી કાઢી હતી.થ નોંધનીય છે કે, નાગપુરમાં એક કાર્યક્રમમાં ગડકરીએ કહ્યુ કે, પચોથી જૂને લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. મને વિપક્ષે વડાપ્રધાન પદનો પ્રસ્તાવ મૂક્યો હતો. મારી વિચારધારા અલગ હોવાને કારણે મેં પ્રસ્તાવ સ્વીકાર્યો નહોતો.

## સૌરાષ્ટ્ર અને ગુજરાતના મહતમ જિલ્લાઓમાં સાર્વત્રિક વરસાદ

### રાજકોટ સહિતના સૌરાષ્ટ્રનાં ભાગોમાં ગાજવીજ-વિજ કડાકા સાથે તોફાની મૂડ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગુજરાતમાં ચોમાસુ ફરી વિદાય વેળાએ જામ્યુ હોય તેમ સાર્વત્રિક મેઘસવારીનું ચિત્ર સર્જાયુ છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ-મધ્ય ગુજરાતમાં સાર્વત્રિક પાણી વરસ્યુ હતું. રાજયના ૨૧૨ તાલુકામાં હળવો-ભારે વરસાદ પડયો હતો આ સાથે ગુજરાતનો સિઝનનો કુલ સરેરાશ વરસાદ ૧૩૧ ટકા થઈ ગયો છે.

બંગાળની ખાડીની સાયકલોનિકસ લો-પ્રેસર સીસ્ટમ આગળ વધવાને પગલે ગુજરાતમાં છેલ્લા બે દિવસથી શરૂ થયેલી મેઘસવારી વધુ વ્યાપક અને સાર્વત્રિક બની હોય તેમ આજે સવારે પુરા થયેલા ચોવીસ કલાકમાં ૨૧૨ તાલુકામાં હળવો ભારે વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ સાડા આઠ ઈંચ વરસાદ તાપી જીલ્લાનાં વ્યારામાં વરસ્યો હતો.

સોનગઢમાં સવાઈ ઈંચ વરસાદ પડયો હતો. વિસાવદર તથા ઘોઘામાં પણ ૬-૬ ઈંચ વરસાદ હતો.પાલીતાણા વાપીમાં સાડા ચાર ઈંચ વલ્લભીપુર, પારડીમાં સવા ચાર ઈંચ તથા ઉના, સિહોર, ભાવનગર,વલસાડમાં ચાર-ચાર ઈંચ વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગના રીપોર્ટ પ્રમાણે ૨૨ તાલુકામાં ચાર ઈંચથી વધુ વરસાદ હતો.જયારે ૪૧ તાલુકામાં બે ઈંચ કે તેથી વધુ વરસાદ હતો. મુખ્યત્વે સૌરાષ્ટ્ર-અને દક્ષિણ-મધ્ય ગુજરાતમાં સાર્વત્રિક મેઘસવારી હતી.મેઘરાજાનાં નવા રાઉન્ડ વચ્ચે ગુજરાતમાં સીઝનનો કુલ વરસાદ સરેરાશ કરતાં ૧૩૧.૦૭ ટકા થયો છે. રાજયમાં સરેરાશ ૮૮૩ મીમી વરસાદ થતો હોય છે. તેની સરખામણીએ ૧૧૫૭ મીમી પાણી વરસી ગયુ છે. તમામ ૨૫૧ તાલુકામાં ૧૦ ઈંચ કે તેથી વધુ વરસાદ નોંધાયો છે. રાજયમાં સપ્ટેમ્બર મહિનાનો અત્યાર સુધીનો સરેરાશ વરસાદ ૧૭૫ મીમી થઈ ગયો છે.અને આવતા જુનના ૧૧૫ મીમી કરતાં વધી ગયો છે.

ગુજરાતમાં સૌથી વધુ સરેરાશ વરસાદ કચ્છ ઝોનમાં ૧૮૩.૩૨ ટકા સૌરાષ્ટ્રમાં ૧૩૭.૦૩ ટકા દક્ષિણ ગુજરાતમાં ૧૩૬.૨૫ ટકા મધ્ય ગુજરાતમાં ૧૨૭.૫૬ ટકા તથા ઉતર ગુજરાતમાં ૧૧૦.૧૯ ટકા થયો છે.



### અમદાવાદમાં અંધારપટ જેવા માહોલ વચ્ચે સવારથી વરસાદઃ અનેક ભાગોમાં ધનાધન

ગુજરાતમાં વરસાદનો નવો રાઉન્ડ વધુ વ્યાપક બની રહ્યો છે છેલ્લા ચોવીસ કલાકમાં ૨૦૨ તાલુકામાં વરસાદ બાદ આજે સવારથી પણ વરસાદ રહ્યો હતો અમદાવાદમાં અંધારપટ જેવી હાલત વચ્ચે ધોધમાર વરસાદ પડતા અનેક માર્ગો પાણી-પાણી થઈ ગયા હતા. એસજી હાઈવે, મકરબા, વેજલપુર, વટવા, નારોલ, મણીનગર, પાલડી સહીતના ભાગોમાં વરસાદ હતો આ સિવાય અમરેલી, સુરેન્દ્રનગર, જુનાગઢ, સુરત, બોટાદ, રાજકોટ જેવા જીલ્લાઓમાં પણ વરસાદ હતો.

## અમદાવાદમાં વક્ફ બોર્ડ મુદ્દે મળેલી બેઠકમાં વિવાદ, હર્ષ સંઘવી-અસદુદ્દીન ઓવૈસી વચ્ચે ઝરી ચકમક

**મુખ્ય સમાચાર,અમદાવાદ**



અમદાવાદમાં વક્ફ બોર્ડ મુદ્દે મળેલી જેપીસીની બેઠકમાં વિવાદ થયો છે. વક્ફ સંશોધન બિલ માટે રચાયેલી જોઈન્ટ પાર્લિયામેન્ટ્રી કમિટી ગુજરાતની મુલાકાતે છે. ત્યારે આ બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને અસદુદ્દીન ઓવૈસી વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. તો બેઠકમાંથી બહાર આવેલા કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ પણ રોષ વ્યક્ત કર્યો.

ખેડાવાલાએ આરોપ લગાવ્યો કે પસરકાર અને ગૃહ રાજ્યમંત્રી ફક્ત દેખાડો કરી રહ્યા છે. વક્ફ બોર્ડના સભ્યોએ રજૂ કરેલુ પ્રેઝન્ટેશન પણ સરકારે કહ્યા મુજબનું છે, અને આ પ્રેઝન્ટેશનના સમર્થનમાં નથી. અમે અમારા મુદ્દાઓ પર વળગેલા છીએ. અને કલેક્ટરને સત્તા આપવા મુદ્દે અમારો વિરોધ છે કમિટીના અધ્યક્ષ જગદંબિકા પાલ અને અસદુદ્દીન ઓવૈસી સહિતના ૩૧ સભ્યો અમદાવાદ સિંધુભવન રોડ સ્થિત એક હોટલમાં ભેગા થયા. સંયુક્ત સંસદીય કમિટી ગુજરાત વક્ફ બોર્ડના સભ્યો તેમજ રાજકીય પાર્ટીના સભ્યો અને ધારાશાસ્ત્રીઓ પણ બેઠકમાં હાજર રહ્યા. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે પ્રત્યેક નાગરિકોના હિતમાં સુધારાને લગતા રાજ્ય સરકારના તમામ સુચનો જેપીસી કમિટીને આપી દેવાયા છે. જેપીસીની વાતો બહાર ન થઈ શકે પરંતુ નાગરિકોના હિતમાં જે વિષય હતા તે મુદ્દે મેં ફરજ અદા કરી છે. સુચનોની સંપૂર્ણ માહિતી જેપીસી કમિટીના નિયમ પ્રમાણે સૌ મીડિયાને આપી દેવાશે.

## સરકારે ન્યૂનતમ મજૂરીમાં કર્યો વધારો : ૧ ઓક્ટોબરથી લાગૂ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સરકારે ૧ ઓક્ટોબરથી બાંધકામ, ખાણકામ અને કળષિ જેવા અનૌપચારિક ક્ષેત્રોમાં કામ કરતા કામદારો માટે લઘુત્તમ વેતન વધારવાનો નિર્ણય લીધો છે. સરકારનું કહેવું છે કે આ વધારાથી કામદારોને મોંઘવારીનો સામનો કરવામાં મદદ મળશે. ઔદ્યોગિક કામદારો માટે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (ઈઙ્ઈ)માં ૨.૪૦ પોઈન્ટનો વધારો થયો છે. સુધારા પછી, બાંધકામ ક્ષેત્રમાં કામ કરતા અકુશળ કામદારો માટે લઘુત્તમ વેતન ૭૮૩ રૂપિયા પ્રતિ દિવસ (રૂ. ૨૦,૩૫૮ પ્રતિ માસ) થશે.

અર્ધ-કુશળ કામદારો માટે, તે વધારીને ૮૬૮ રૂપિયા પ્રતિ દિવસ (રૂ.૨૨,૫૬૮ પ્રતિ માસ) કરવામાં આવી છે. કુશળ, કારકુન અને નિઃશષા ચોકીદાર માટે, તે પ્રતિ દિવસ ૯૫૪ રૂપિયા (રૂ. ૨૪,૮૦૪ પ્રતિ માસ) હશે. અત્યંત કુશળ અને સશષા ચોકીદાર માટે, તે પ્રતિ દિવસ રૂ. ૧,૦૩૫ (રૂ. ૨૬,૯૧૦ પ્રતિ માસ) હશે. વેતનમાં આ સુધારો વર્ષમાં બે વાર કરવામાં આવે છે. આ સુધારો ઔદ્યોગિક કામદારો માટે ઈઙ્ઈમાં છ મહિનાના સરેરાશ વધારા પર આધારિત છે.આ અઠવાડિયાની શરૂઆતમાં, હજારો કામદારોએ દેશભરમાં વિરોધ કર્યો હતો. તેઓએ વેતન વધારવા અને ચાર શ્રમ કાયદાને રદ કરવાની માંગ કરી હતી. તેમનું કહેવું છે કે આ કાયદા બહુરાષ્ટ્રીય કંપનીઓના પક્ષમાં છે.આ અઠવાડિયાની શરૂઆતમાં, હજારો કામદારોએ દેશભરમાં વિરોધ કર્યો હતો. તેઓએ વેતન વધારવા અને ચાર શ્રમ કાયદાને રદ કરવાની માંગ કરી હતી. તેમનું કહેવું છે કે આ કાયદા બહુરાષ્ટ્રીય કંપનીઓના પક્ષમાં છે.

## રાજકોટમાં નજીવા વરસાદે અને સામાન્ય પવને વીજતંત્રની પોલ ખોલી

### ■ પીજીવીસીએલના કસ્ટમર કેર નંબર શોભાના ગાંઠિયા બન્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર અને સ્માર્ટ સિટી અને હિન્દુસ્તાનના નકશામાં શિકાગો બનાવવાના બણગાં ફૂંકનારા શાસક પક્ષના નેતાઓ અને પીજીવીસીએલના ભ્રષ્ટાચારની પોલ નજીવા વરસાદે અને સામાન્ય પવને પોલ ખોલી નાખી છે. અને શહેરભરમાં ૨૪ કલાકમાં શહેરમાં ના તમામ ડિવિઝનો અને કોલ સેન્ટરમાં ૧૪૮૦ જેટલી અધધધ ફરિયાદો મળી હતી. જેમાંથી આજે સવારે ૧૦:૦૦ કલાકે ૩૦૮ ફરિયાદો પેન્ડિંગ છે.

ગઈકાલે રાજકોટમાં પડેલા સામાન્ય વરસાદ માં પોણા રાજકોટમાં અંધારપટ છવાયો જેમાં જંકશન પ્લોટ, કોલસા વાળી, કોઠારીયા સોલવન્ટ સહિતના અનેક વિસ્તારોમાં અંધાર પટ છવાયેલો રહ્યો હતો કલાકો સુધી વીજ બત્તી ગુલ થઈ હતી. સમગ્ર ભારતમાં ગુજરાતમાં સૌથી વધુ વીજદરો વસુલ કરવામાં આવતા હોવા છતાં પીજીવીસીએલમાં ચાલતા ભ્રષ્ટાચારો પ્રી મોનસુન કામગીરીમાં ચાલતી પોલમપોલ ખુલી ગઈ હતી. દશેરાના દિવસે જ પીજીવીસીએલ ઘોડું દોડતું નથી. પીજીવીસીએલ ના કસ્ટમર કેર ના નંબર ૧૨ જિલ્લાઓમાં કે જ્યારે ફરિયાદો આવતી હોય ત્યારે ફક્ત ૩૫ ફોન હોય ત્યારે ફોન લાગતા જ નથી અને તમામ ડિવિઝન ના ફોન પણ સતત વ્યસ્ત આવતા હોય. કસ્ટમર કેર અને ડિવિઝનના ફોલ્ટ સેટર ના નંબરો શોભના ગાંઠિયા બની ગયા હતા ફરિયાદો નોંધવામાં શહેરીજનોને પરસેવો વળી ગયો હતો. જો તમામની ફરિયાદો નોંધાય તો અંદાજે ૩૦૦૦ થી વધુ ફરિયાદો ૨૪ કલાકમાં તંત્રના રેકોર્ડ પર આવી શકે છે.

કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં ત્રણેક કલાક સુધી અંધાર પટ છવાયેલો રહેતા આ વિસ્તારના રહેવાસીઓ જ્યારે ફોન કરતા ત્યારે ફોન લાગતા જ ન હતા. રાત્રે પીજીવીસીએલના સુપ્રિન્ટેન્ડેન્ટ ઈજનેર ને કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં તાત્કાલિક અંધારપટ દૂર કરી ફરિયાદોનો નિકાલ કરી રોશની કરવા અપીલ કરી હતી. શહેરના પીજીવીસીએલની લાઈટો બંધ હતી એટલું જ નહીં પરંતુ અનેક વિસ્તારોમાં તો પીજીવીસીએલના ભ્રષ્ટાચાર અને ફોલ્ટ ના પગલે શહેરમાં રોશનીની લાઈટો પણ સમગ્ર વિસ્તારમાં બંધ હોવાને પગલે લોકોને હાલાકી પડી હોવાનું અંતમાં રાજાણીની યાદીમાં જણાવ્યું છે.

## મથુરા, પ્રયાગરાજના પ્રસિદ્ધ મંદિરોમાં બહારના પ્રસાદ પર પ્રતિબંધ, અયોધ્યામાં પણ તૈયારી

તિરૂપતિ મંદિરના લાડવાના પ્રસાદમાં કથિત ભેળસેળ સામે આવ્યા બાદ ઉત્તર પ્રદેશના મંદિરોમાં એલર્ટ જોવા મળી રહ્યું છે. અયોધ્યા, પ્રયાગરાજ અને મથુરાના મોટા મંદિરોની પ્રસાદ વ્યવસ્થા અને નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવી રહ્યા છે.

અયોધ્યા મંદિરના મુખ્ય પૂજારીએ બહારની એજન્સીઓ પાસેથી પ્રસાદ લેવા પર પ્રતિબંધ લાદવાની માંગ કરી છે. મથુરા મંદિરે મિઠાઈના બદલે ફળ-ફલ અપનાવવાનો નિર્ણય કર્યો છે. પ્રયાગરાજના ત્રણ મોટા મંદિરોમાં પણ પ્રસાદના નિયમોમાં ફેરફાર કર્યા છે. અયોધ્યામાં રાજ જન્મભૂમિ મંદિરના મુખ્ય પૂજારી સત્યેન્દ્ર દાસે બહારની એજન્સી દ્વારા તૈયાર પ્રસાદ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવવાની માંગ કરી છે. તેમણે મંદિરના પ્રસાદમાં ઉપયોગ થનાર ઘીની શુદ્ધતા પર ચિંતા વ્યક્ત કરી અને આગ્રહ કર્યો કે તમામ પ્રસાદ મંદિરના પૂજારીઓની દેખરેખમાં તૈયાર કરવામાં આવે. સત્યેન્દ્ર દાસે દેશભરમાં વેચાતા તેલ અને ઘીની ગુણવત્તાની ગહન તપાસની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યુ કે તિરૂપતિ બાલાજીના પ્રસાદમાં ચરબી અને ફિશ ઓઈલના કથિત ઉપયોગ પર વિવાદ આખા દેશમાં વધી રહ્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે પ્રસાદમાં અયોગ્ય પદાર્થનું મિશ્રણ મંદિરોને અપવિત્ર કરવાનું એક આંતરરાષ્ટ્રીય કાવતરું છે. મથુરામાં ધર્મ રક્ષા સંઘે પપ્રસાદમથ વ્યંજનોની પ્રાચીન શૈલી પર પરત ફરવાની પોતાની નિર્ણયની



જાહેરાત કરી છે. એટલે કે મીઠાઈના બદલે ફળ-ફૂલ અને અન્ય પ્રાકૃતિક સામગ્રીઓથી બનેલો પ્રસાદ સામેલ કરવામાં આવશે. ધર્મ રક્ષા સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ સૌરભ ગૌડે પ્રસાદમ સિસ્ટમમાં મહત્વપૂર્ણ સુધારાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને કહ્યું કે ધર્મગુરૂઓ અને સંગઠનો વચ્ચે શુદ્ધ, સાત્વિક પ્રસાદમ ચઢાવવા અને સ્વિકાર કરવાની પારંપારિક પ્રથાઓ પર પરત ફરવા પર સહમતિ બની ગઈ છે. તો બીજી તરફ પસંગમથ નગરીથ પ્રયાગરાજમાં અલોપ શંકરી દેવી, મોટા હનુમાન અને મનકામેશ્વર સહિત ઘણા મંદિરોએ ભક્તોને પ્રસાદના રૂપમાં મીઠાઈ અને બહારથી તૈયાર અન્ય વસ્તુઓ લાવવા પર પ્રતિબંધ લગાવી દીધો છે.

## અમદાવાદ અને આસપાસ ચાલતા ૩૫ જેટલા ગેરકાયદે કોલ સેન્ટર પર સીબીઆઈની ટીમના દરોડા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

વિદેશી નાગરિકોને ફસાવીને તેમના રૂપિયા પડાવતી આખી સિસ્ટમ કોલ સેન્ટરના નામે ચાલતી હોય છે અને તેમાં અનેક લોકોના રૂપિયા પડાવી લેતા હોવાના કિસ્સા સામે આવ્યા છે. અગાઉ એફબીઆઈએ આ સંદર્ભે રેડ કરી હતી. ત્યારે ફરી એક વખત ગુજરાતમાં સીબીઆઈની ૩૫૦ લોકોની ટીમ ૩૫ જગ્યાએ દરોડા પાડ્યા હોવાનું સામે આવી રહ્યું છે. જેમાં અમદાવાદ શહેર અને આસપાસની જગ્યામાં ચાલતા ગેરકાયદેસર કોલ સેન્ટર પર દરોડા પાડ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે ગાંધીનગર ખાતેની ગુજરાત પોલીસની કચેરીને પણ જાણ થઈ છે અને જરૂર પડશે તેમની મદદ લેવા માટે પણ કહેવામાં આવ્યું છે. આ વિગતો સૂત્રો પાસેથી જાણવા મળી છે. અમેરિકન નાગરિકોને તેમના લોન અથવા ક્રેડિટ ક્રેડિટ કાર્ડના નામે ડરાવીને તેમની પાસેથી ડોલર પડાવવાના રેકેટનો અગાઉ પણ અનેક વખત પર્દાફાશ થયો હતો. જેમાં મોટા કોલ સેન્ટરના માફીયાઓ અબજો રૂપિયા પોતાના ઘર ભેગા કરી દીધા છે. અહીં લાઈફ સ્ટાઈલ માટે જાણિતા આ કોલ સેન્ટર માફિયા નવા જરૂરિયાતમંદ યુવાનોને મોટા રૂપિયા આપવાની લાલચ આપીને કોલ સેન્ટર ચલાવડાવે છે અને તેમાં લોકોને ફસાવીને આખી સિસ્ટમમાં ડોલર ભેગા કરી લેતા હોય છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અમદાવાદ શહેર અને આસપાસની જગ્યાએ અંદાજે ૩૫ જેટલા કોલ સેન્ટર પર દિલ્હી ઈઈઈની ટીમે દરોડા પાડ્યા છે. ગઈકાલે



મોડીરાતનીથી આ દરોડા ચાલી રહ્યા છે. જેમાં અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં કેટલાક કોલ સેન્ટર હોવાની પણ વાત સામે આવી રહી છે. એટલું જ નહીં આ કોલ સેન્ટરની રેડમાં સ્થાનિક પોલીસને જાણ કર્યા વગર ઈઈઈના ૩૫૦થી વધુ લોકો ગઈકાલે અમદાવાદ આવી પહોંચ્યા હતા અને આખી રાત રેડ ચાલુ રાખી હતી.ત્યારબાદ હજી પણ આ પ્રક્રિયા ચાલી રહી છે. ગાંધીનગરના અધિકારીઓ પાસેથી મળતી માહિતી પ્રમાણે વિદેશી નાગરિકોને છેતરવાની આ વિગતો ઈઈઈને જાણવા મળી હતી. જે આધારે તેમણે રેડ કરી છે. હજી રેડમાં શું નીકળ્યું છે તે જાણવા મળ્યું નથી. પરંતુ આ શંકાને આધારે ખૂબ મોટી રેડ અમદાવાદમાં ચાલી રહી છે. ગાંધીનગરના પોલીસ અધિકારીઓને પણ આ અંગે જાણ કરવામાં આવી છે અને તેઓ જરૂર પડે ઈઈઈની ટીમ સંપર્ક કરશે તો તેમની મદદ પણ લેશે તેવું જણાવી રહ્યા છે.

# મોરબીમાં પોલીપેક કારખાનામાં લાગેલ વિકરાળ આગ ૧૨ કલાક બાદ કાબુમાં લેવાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સહિત જામનગર, રાજકોટ, કાલાવડ, માળીયા તથા હળવદ સહિત સાત ફાયર વ્હીકલ પાણીનો મારો ચલાવી મહા મહેનતે આગ ઉપર કાબુ મેળવાયોમોરબીના પીપળીયા ચાર રસ્તા નજીક આવેલ રોયલ પોલીપેક કારખાનામાં કોઈ કારણોસર આગ લાગી હતી ત્યારે જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ગઈકાલે બપોરના ૧૨.૩૦ વાગ્યાની આસપાસ કારખાનામાં લાગેલ ભીષણ આગની મોરબી ફાયર ફાઈટર વિભાગને જાણ કરાઈ હતી ત્યારે ફાયર બનાવને મેજર કોલ ગણાવી મોરબી સહિત સાત ફાયર વ્હીકલની મદદથી ૧૨ કલાકની ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો. સદનસીબે આ આગની ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. મળતી વિગતો મુજબ માળીયા તાલુકા વિસ્તારમાં પીપળીયા ચાર રસ્તા પાસે આવેલ રોયલ પોલીપેક ફેક્ટરીમાં કોઈ કારણોસર આગ લાગી હોવાનો કોલ મોરબી ફાયર વિભાગને આવતા મોરબી નગરપાલિકાની તમામ ફાયર ટીમ બનાવ સ્થળે તાત્કાલિક પહોંચી ગઈ હતી. ત્યારે આગ ફેક્ટરીમાં ચોતરફ ફેલાઈ ગયી હોય આગની જ્વાળાઓ તથા ધુમાડાના ગોટે ગોટા ચાર કિલોમીટર દૂરથી સુધી જોવામાં આવતા હોય જેથી લાગેલી વિકરાળ આગને પમેજર ફાયર કોલથ જાહેર કરી જામનગર,



કાલાવડ, રાજકોટ, હળવદ, માળીયા અને મોરબી સહિતના ફાયર બ્રિગ્રેડ વ્હીકલ મળી કુલ ૭ વ્હીકલ કામે લગાવવામાં આવ્યા હતા. ત્યારે આગની ઘટનાને પગલે મોરબી જીલ્લા કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચી આગ ઉપર કાબુ મેળવવા જરૂરી સૂચનાઓ આપી હતી. ત્યારે ૧૨ કલાકની ભારે જહેમત બાદ લાગેલી વિકરાળ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. હાલ ક્યાં કારણોસર ફેક્ટરીમાં આગ લાગી હતી તેનું કારણ હજુ અકબંધ હોય સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાની ન થયાનું મોરબી ફાયર વિભાગના હેડ દેવેન્દ્રસિંહ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# જામનગર મહાનગરપાલિકાના કમિશનર ઓફિસના પટાવાળાએ સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનની ઓફીસમાં દવા પી લેતા ભારે દોડધામ

જામનગર શહેરભરમાં ખળભળાટ સાથે ચર્ચા જગાવનાર બનાવની મળતી વિગત અનુસાર મહાનગરપાલિકાના કમિશ્નર ઓફીસમાં વિજય પારિયા પટ્ટાવાળા તરીકે ફરજ બજાવે છે. આ કર્મચારી વિરૂધ્ધ મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન નિલેશ કગથરાએ ગુરૂવારે સવારે સીટી એ ડીવીઝન પોલીસ મથકમાં લેખિત અરજી કરી હતી. જેમાં તેઓને પટ્ટાવાળાએ ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવા સહિતના ચોંકવાનારા આક્ષેપો કર્યા હતાં.આ અરજીની જાણ મહાપાલિકાના કમિશ્નર ઓફીસમાં ફરજ બજાવતા પટ્ટાવાળા વિજય પારિયાને થઈ હતી. જેના કારણે પટ્ટાવાળા વિજયે ગુરૂવારે સાંજે મહાપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની ઓફીસમાં જઈ દવા પી લીધી હતી. જેના કારણે અફડાતફડી સાથે ભારે દોડધામ મચી ગઈ હતી. બનાવના પગલે તાકીદે ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવામાં આવી હતી અને તેના મારફત પટ્ટાવાળાને સારવાર અર્થે જી.જી.હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ બનાવના પગલે મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓમાં ભારે દોડધામ સાથે અફડાતફડી મચી ગઈ હતી.પટ્ટાવાળાએ ચેરમેનની કચેરીમાં દવા પી લેતા આ બનાવ ભારે ચકચાર સાથે ચર્ચાનો વિષય બન્યો છે. મનપાના કમિશનર ઓફિસના પટાવાળાની સોલીડ વેસ્ટ શાખામાં એકાએક બદલીથી



ભારે આશ્ચર્ય જામનગર મહાપાલિકાના કમિશ્નર કચેરીમાં પટ્ટાવાળા તરીકે ફરજ બજાવતા વિજય પારિયાની સોલીડ વેસ્ટ શાખામાં બદલી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે છેલ્લાં ઘણાં સમયથી કમિશ્નર કચેરીમાં પટ્ટાવાળા તરીકે ફરજ બજાવતા કર્મચારીની એકાએક સોલીડ વેસ્ટ શાખામાં બદલી કરવામાં આવતા આ મુદો પણ ચર્ચાનો વિષય બન્યો છે.

# મોરબીમાં સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડામાં વિદેશી દારૂના વેચાણના રેકેટનો પર્દાફાશ,બે આરોપીઓની અટક

## મુખ્ય આરોપી ત્રણ પૈકી બેની અટક, સપ્લાયર સહિત બે ફરાર જાહેર

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં પરશુરામ પોટરીના મેદાનમાં આવેલ ખુલ્લા પ્લોટમાં સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગર દ્વારા દરોડો પાડી વિદેશી દારૂના વેચાણના રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. જો કે હાલ એસએમસીના દરોડામાં વિદેશી દારૂનો કોઈ મોટો જથ્થો પકડાયેલ ન હોય માત્ર વિદેશી દારૂની ત્રણ બોટલ કબ્જે કરવામાં આવી હતી. આ સાથે વિદેશી દારૂનો વેપલો કરતા મોરબીના ત્રણ બુટલેગર પૈકી બે મુખ્ય આરોપીની અટકાયત કરવામાં આવી છે. જ્યારે બીજીબાજુ મુખ્ય એક આરોપી તથા દારૂનો સપ્લાયર એવા ધ્રાંગધ્રાના એક ઈસમ સહિત બે આરોપીઓને ફરાર દર્શાવ્યા છે. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સ્થળ ઉપરથી વિદેશી દારૂની ૩ બોટલ સહિત બે વાહન, બે મોબાઈલ તથા રોકડ એમ કુલ ૮૭,૬૦૫નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. હાલ સ્થાક ઉપરથી પકડાયેલા બંને આરોપીઓને મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં આગળની કાયદેસરની કાર્યવાહી સબબ સોંપવામાં આવ્યા છે જ્યારે બંને ફરાર આરોપીઓને પકડી લેવા ચક્રો ગતિમાન કરાયા છે. મોરબીમાં ગઈકાલે સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગર ટીમ દ્વારા સામાકાંઠા વિસ્તારમાં આવેલ પરશુરામ પોટરીના મેદાનમાં વિદેશી દારૂના વેચાણના ચાલતા રેકેટ ઉપર દરોડો પાડવામાં આવ્યો હતો. આ સાથે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા વિદેશી દારૂના ગેરકાયદેસર વેચાણ કરવાની પ્રવૃત્તિના મુખ્ય ત્રણ પૈકી બે આરોપીઓને દબોચી લેવામાં આવ્યા છે જેમાં આરોપી સંદિપભાઈ બેચરભાઈ ચાંવ ઉવ.૩૧ રહે.વરીયાનગર શેરી નં-૮ સો ઓરડી તથા આરોપી કિશનભાઈ ભુપતભાઈ ગાંધી ઉવ.૩૦ રહે.ગ્રીન ચોક રામજીયાની શેરી મોરબી-૧ની સ્થળ ઉપરથી અટક કરવામાં આવી છે. જ્યારે વિદેશી દારૂનું વેચાણ કરનાર ત્રીજો મુખ્ય આરોપી જયદીપભાઈ ઉર્ફે જયુ બેચરભાઈ ચાંવ રહે.વરીયાનગર શેરી નં-૮ સો ઓરડી મોરબી-૨ તથા વિદેશી દારૂનો સપ્લાયર મુબારકભાઈ રહે ધાંગધ્રા, જી.સુરેન્દ્રનગરવાળાના નામ ખુલવા પામ્યા હતા. હાલ એસએમસી ટીમે સ્થળ ઉપરથી વિદેશી દારૂની ત્રણ બોટલ કિ.રૂ.૧,૩૯૫/- બે વાહન કિ.રૂ.૭૦ હજાર, બે નંગ મોબાઈલ કિ.રૂ.૧૦ હજાર તથા આરોપીની અંગ ઝડતીમાં રોકડ રૂ.૬,૨૧૦ સહિત કુલ રૂપિયા ૮૭,૬૦૫/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. દરોડા દરમિયાન પકડાયેલ બંને આરોપીઓ સામે મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબી-હળવદ રોડ ઉપર નર્મદા કેનાલમાંથી અજાણ્યા પુરુષના મળેલ મૃતદેહ અંગે વાલી-વારસની શોધ






મોરબીમાં અત્રેના હળવદ રોડ ઉપર લાયકોસ સીરામીક કારખાના નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાં ગઈ તા.૨૫/૦૯ના રોજ આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમર ધરાવતા અજાણ્યા પુરુષની કોહવાય ગયેલ લાશ પાણીમાં તરતી હાલતમાં મળી આવેલ હતી. ત્યારે તાલુકા પોલીસમાં જાણ કરતા પોલીસે અજાણ્યા પુરુષના મૃતદેહને રાજકોટ પીએમ અર્થે ખસેડવામાં આવેલ, હાલ અજાણ્યા પુરુષનો મૃતદેહ રાજકોટ સિવિલ હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવેલ છે.

ઉપરોક્ત અજાણ્યા પુરુષની ઓળખ મેળવવા સહિતની મોરબી તાલુકા પોલીસ દ્વારા તજવીજ હાથ ધરવામાં આવી છે. જે અન્વયે એક પ્રેસ યાદીમાં જણાવ્યા અનુસાર અજાણ્યા પુરુષની ઉમર આશરે ૨૫ થી ૩૦ વર્ષની હોય તેમજ શરીરે બ્લુ કલરનું જીન્સનું પેન્ટ પહેરેલું છે. ત્યારે ઉપરોક્ત વિગતો મુજબના અજાણ્યા પુરુષના મૃતદેહ અંગે વાલી વારસ હોય તો મોરબી તાલુજ પોલીસ મથક ટેલિફોન નં.૨૪૨૫૯૨ તથા તપાસ કરનાર આઈએસઆઈ વી.ડી.ખાચર મોબાઈલ નં.૯૫૩૭૮૭૩૭૦૮ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# જામનગરના જૂના રેલવે સ્ટેશન પાસે કૂવામાંથી અજાણ્યા પ્રૌઢનો મૃતદેહ મળી આવ્યો






જામનગરના જૂના રેલવે સ્ટેશન પાસે કૂવામાંથી અજાણ્યા પ્રૌઢનો મૃતદેહ મળી આવ્યો છે. ફાયરબ્રિગેડની ટીમે મૃતદેહને બહાર કાઢ્યો હતો. પોલીસે મૃતદેહને પી.એમ.માં ખસેડી ઓળખ મેળવવા તપાસ શરૂ કરી છે. જામનગરના જૂના રેલવે સ્ટેશન પાસે આવેલી ગીતા લોજવાળી ઈમારત નજીક આવેલા વર્ષો જૂના કૂવામાં એક પુરૂષ પડેલા જોવા મળતા કોઈએ પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતાં ફાયરના જવાનો દોડી ગયા હતા અને કૂવામાંથી પચ્ચાસેક વર્ષની વયના લાગતા અજાણ્યા પ્રૌઢને બહાર કાઢયા હતાં. તબીબે આ પ્રૌઢને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. પોલીસે મૃતદેહને પી.એમ. માટે ખસેડી ઓળખ મેળવવા તપાસ શરૂ કરી છે.

# જામનગર ડીજીટલ ગુજરાત પોર્ટલમાં મુશ્કેલીના કારણે છાત્રોને શિષ્યવૃતિ મેળવવામાં પારવાર હાલાકી



જામનગર આમ આદમી પાર્ટીએ જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું.જામનગર સહિત રાજયભરમાં ડીજીટલ ગુજરાત પોર્ટલમાં ઓનલાઇન દરખાસ્તમાં મુશ્કેલીના કારણે છાત્રોને શિષ્યવૃતિ મેળવવામાં પારવાર હાલાકી પડી રહી હોય આ સમસ્યા નિવારવા આમ આદમી પાર્ટીએ જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવ્યું હતું. આમ આદમી પાર્ટીએ કલેકટરને પાઠવેલા આવેદનમાં જણાવ્યાનુસાર ડીજીટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃતિની ઓનલાઇન દરખાસ્તમાં રાશનકાર્ડમાં વિધાર્થીઓનું નામ હોવું એ પણ તેમના પ્રિન્ટેડ કોડ સાથે અને એ આધારકાર્ડ સાથે લીંક હોવું ફરજીયાત છે.આ જોગવાઇના કારણે વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મેળવવામાં પારવાર હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વળી, સર્વરના પાણ ધાંધિયા રહે છે. આથી આ સમસ્યા નિવારવા શાળાએ ચાઇલ્ડ ટ્રેકીંગ સિસ્ટમ પર કરેલી ડેટા એન્ટ્રીને આધારભૂત ગણી તેમાં દર્શાવેલી જ્ઞાતિ અને આર્થિક કેટેગરીને ધ્યાને લઇ ડીજીટલ ટ્રાન્જેકશનની વિધાર્થીઓના એકાઉન્ટમાં શિષ્યવૃતિ જમા આપવા માંગણી કરી છે.

# રાઠોડ કુંટુબના સુરાપુરા ભાયાબાપાનું શ્રાદ્ધ તર્પણ અને પૂજન અર્ચન વિધી મંગળવારે યોજાશે

**મુખ્ય સમાચાર,મોરબી**

રાઠોડ કુંટુબ દ્વારા ભાદરવા વદ ૧૪ ના સુરાપુરા શ્રી ભાયાબાપા નું સાનિધ્ય મેઘપર ગામે તેમજ રાજકોટ, મોરબી, સુરત, મુંબઈ, પૂના સહિત ના શહેર માં વશતા (હાલાર ચોવીસી) ના રાઠોડ કુંટુબ દ્વારા શ્રાધ્ધ તર્પણ અને પૂજન નું આયોજન કરવામાં આવે છે.

રાજકોટમાં વસતા (હાલાર-ચોવીસી) ના રાઠોડ કુંટુબ દ્વારા હજારો લોકોની ઉપસ્થિતમાં સુરાપુરા ભાયાબાપા નું પૂજન અર્ચન તર્પણ એવમં શ્રાધ્ધ વિધીનો ભક્તિસભર કાર્યક્રમ નું આયોજન ભાદરવા વદ ૧૪ ને મંગળવાર તા. ૦૧/ ૧૦/ ૨૦૨૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રાજકોટ શહેરના કોઠારીયા મેઈન રોડ પર આવેલ, રંગીલા હનુમાન મંદિર ૧૪- વિવેકાનંદ નગર, આંબેડકર ભવનની સામે, આયોજન કરવામાં આવેલ છે

આ કાર્યક્રમમાં રાજકોટ જીલ્લામાં રહેતા સહ પરિવારને પધારવા આયોજક દ્વારા આમંત્રણ વિતરણ કરવામાં આવેલ છે. સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ, ભાયાબાપાનું જીવનચરિત્ર, શ્રૌર્ય તલવાર રાસ, ભાયાબાપાનો રાહડો સાથે સાંજે સાત કલાકે મહા-પ્રસાદ નું સુંદર અયોજન કારવામાં આવેલ છે. આજની યુવા પેઢી પરિવારમાં એક-બીજાના પરિચયથી ઓળખે તેમજ આપણા રાઠોડ કુંટુબના આ આસ્થા સભર ભક્તિ કાર્યક્રમમાં, આવો સૌ સાથે મળી એકતા રૂપી જ્યોત પ્રજ્જવલિત કરીએ સાથો સાથ આપણને વારસામાં મળેલી અમૂલ્ય ધરોહર સમાન સંસ્કૃતિના વારસાને જાળવી રાખવા તેમજ આપણા દેવી-દેવતાઓના પુજા-અર્ચન દ્વારા શ્રાધ્ધ તર્પણ કરીએ

રાઠોડ કુંટુબના સુરાપુરા ભાયાબાપા નું સાનિધ્ય મેઘપર ગામે ને આંગણે ગાયને ગોંદરે ઓટલે પુજાય છે. ગામનાં પરગણાના દરેક માનવી ના સુખ દુઃખના સાથી છે. સર્વે લોકો સુરાપુરા ભાયાબાપા ને આસ્થા સભર નમન કરે છે, જે જગ્યાએ સમસ્ત રાઠોડ પરિવાર દ્વારા ૪૪ (ચુમાંલીસ) વર્ષ થી કથા નું સુંદર આયોજન પણ કરવામાં આવેલ છે.




આ કાર્યક્રમને લગતી વધુ વિગત માટે કમિટીના મેમ્બર રાકેશભાઈ (બાબુભાઈ) રાઠોડ મો. ૯૦૯૯૦ ૧૦૯૬૧ હિતેષભાઈ રાઠોડ ( પત્રકાર ) મો. ૯૦૯૯૦ ૨૫૧૧૩ હરિભાઈ રાઠોડ મો. ૯૯૨૪૬ ૭૧૮૭૦ નો સંપર્ક કરી શકો છે. આ ધાર્મિક કાર્યને દિપાવવા હાલાર ચોવીસીના ગામોની કમિટી બનાવીને દરેક કાયકર્તા ભાયો દ્વારા રાઠોડ પરિવાર ને આમંત્રણ પત્રિકા વિતરણ કરનારા કાયકર્તા વિજયભાઈ રાઠોડ - બાલંભા, પી,પી,રાઠોડ - મેઘપર, બીપીનભાઈ રાઠોડ, કમલેશભાઈ રાઠોડ, નિલેશભાઈ રાઠોડ - ભેસદણ, જયંતીભાઈ રાઠોડ, પરસોત્તમભાઈ રાઠોડ, હિતેશભાઈ રાઠોડ, કરસનભાઈ રાઠોડ - ફાટસર, કૈલાશભાઈ રાઠોડ - રણજીતપર, મગનભાઈ રાઠોડ, અશોકભાઈ રાઠોડ - શામપર, મનસુખભાઈ રાઠોડ - મેઘપર, રાજેશભાઈ રાઠોડ - અંબાડા, કિરીટભાઈ રાઠોડ - જોડીયા સહિતના સર્વે ગામના ભાઈઓ બહેનો સાથે જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવાનું આયોજન કરી રહ્યા છે.

# ટંકારામાં મોબાઈલ શોપમાં બિલ વગરના ૯ મોબાઈલ સાથે શોપ-માલીકની અટક

ટંકારા પોલીસ દ્વારા પૂર્વ બાતમીને આધારે લતીપર ચોકડી ખાતે આવેલ મોબાઈલની દુકાનમાંથી આધાર પુરાવા વિનાના કુલ ૯ મોબાઈલ ફોન શોધી કાઢી આ સાથે મોબાઈલ દુકાન ધારકની ધરપકડ કરવામાં આવી છે. મોરબી જીલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠી દ્વારા મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા સૂચના કરી હોય જે અનુસંધાને ટંકારા પોલીસ મથકના પીઆઈ વાય.કે.ગોહિલની સુચના અને માર્ગદર્શનને આધારે ટંકારા પોલીસ મથક સ્ટાફ પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન તેઓને ખાનગીરાહે બાતમી મળેલ હતી કે લતીપર ચોકડી ખાતે આવેલ હીતુ મોબાઇલ નામની દુકાનમાં દુકાન-માલીક ઉમેશભાઈ નાગજીભાઈ ભોરાણીયા બીલ વગરના મોબાઈલ રાખે છે. જેથી ટંકારા પોલીસ ટીમ દ્વારા પહીતુ મોબાઈલથ માં રેઈડ કરતા દુકાનમાંથી કુલ ૯ મોબાઈલ ફોન બિલ કે આધાર પુરાવા વગરના મળી આવતા તુરંત તમામ ૯ મોબાઇલ જેની કિ.રૂ.૨૨,૫૦૦/- હોય તે જપ્ત કરી આરોપી ઉમેશભાઈ નાગજીભાઈ ભોરણીયા ઉવ.૩૩ રહે. મોરબી ન્યુ ચંદ્રેશ શેરી નં-૦૨ વાળાની અટકાયત કરી તેની સામે ટંકારા પોલીસ મથકમાં ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના નાની વાવડી ગામે રહેણાંકમાં જુગારની મહેફિલ કરી બેઠેલા ૭ શકુની ઝડપાયા



મોરબી તાલુકા પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ખાનગીરાહે મળેલ બાતમીને આધારે નાની વાવડી ગામે મનસુખભાઈ પડસુંબિયાના રહેણાંક મકાનમાં રેઈડ કરવામાં આવી હતી. જ્યાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો જુગાર રમી રહેલા મનસુખભાઈ નાથાભાઈ પડસુબીયા ઉવ.૬૬, પ્રવિણભાઈ પ્રેમજીભાઈ વસીયાણી ઉવ.૫૮, રામભાઈ બાબુભાઈ ઝીલરીયા ઉવ.૫૨, દુર્લભજીભાઈ મોહનભાઈ રૂપાલા ઉવ.૬૬, ચંદુલાલ નરસીભાઈ સંઘાણી ઉવ.૬૪, રમેશભાઈ હર્ષદભાઈ કુંભારવાડીયા ઉવ.૩૮ તથા ભુપતભાઈ મોહનભાઈ ગોગરા ઉવ.૫૦ તમામ રહે. નાની વાવડી ગામવાળાઓને તાલુકા પોલીસ ટીમે રંગેહાથ ઝડપી લીધા હતા. દરોડા દરમિયાન પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા ૬૫,૫૦૦/- જપ્ત કરી તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોરબીમાં સીરામીક ફેક્ટરીમાં કામ કરતી વેળા ફિલ્ટર પ્રેસથી નીચે પટકાયેલ શ્રમિક મહિલાનું મોત




મોરબીના લાલપર ગામ નજીક આવેલ લોરેંજો સીરામીક ફેક્ટરીમાં ગઈકાલ તા.૨૬/૦૯ના રોજ ફેક્ટરીમાં આવેલ ફિલ્ટર પ્રેસમાં કામ કરતા સમયે પગ લપસતા અકસ્માતે નીચે પટકાયેલ મૂળ એમપી રાજ્યની હાલ લોરેંજો સીરામીકમાં રહેતા રેખાબેન રાજેશભાઇ ખારોલ ઉવ-૨૯ને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી જેથી તેણીને તુરંત મોરબી સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી જ્યાં હાજર ડોક્ટરે જોઈ તપાસી રેખાબેનને માથામાં ગંભીર ઈજામાં હેમરેજના કારણે મૃત્યુ થયાનું જાહેર કર્યું હતું. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોત રજીસ્ટર કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરની જી.જી. હોસ્પિટલના પટ્ટાવાળાની લાંચ કેસમાં જામીન અરજી કોર્ટે નામંજૂર કરી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરની સરકારી હોસ્પિટલમાં મેડિકલ બોર્ડનાં પટાવાળાને લાંચ કેસમાં પોલીસે ઝડપ્યો હતો. આ કેસમાં આરોપી અશોક ધીરૂભાઈ પરમારે મુકેલી રેગ્યુલર જામીન અરજી કોર્ટે ના મંજૂર કરી છે.જામનગરમાં ગત તા.૭-૬-૨૦૨૪ના રોજ જી.જી. હોસ્પીટલ મેડીકલ બોર્ડના પટાવાળા અશોક ધીરુભાઈ પરમારને એક શિક્ષક અરજદારને ફીટનેશ સર્ટીફીકેટ આપવા માટે રૂ.૨૫,૦૦૦ની લાંચની રકમ સ્વિકારતાં ઝડપી લેવામાં આવ્યો હતો. જી.જી. હોસ્પીટલમાં અમરેલી અઈઇ એ ગોઠવેલ લાંચના છટકા દરમિયાન આરોપીએ ફરીયાદી પાસેથી પંચની હાજરીમાં રૂ.૨૫ હજાર સ્વીકારેલ, પરંતુ તેને અઈઇની ટ્રેપનો શક જતા આ લાંચની રકમ ફરીયાદીને પરત આપી દઈ, ફરિયાદીના હાથમાં રખાવી, ફરીયાદીનું કાંડુ બળજબરી પુર્વક પકડી રાખી, પાવડર વાળી નોટ નળના પાણીમાં ધોવડાવી નાખી હતી.



મુદ્દાની નોટ પર લગાડવામાં આવેલ પાવડરના પુરાવાનો નાશ કરવાનો પ્રયત્ન કરી લાંચની રકમ ફરીયાદીને પરત આપી દીધેલ અને અગાઉ પોતે લઈ લીધેલ રૂ.૨૦ હજાર પણ પરત આપી દેશે, તેમ જણાવી બનાવ સ્થળેથી નાશી છૂટ્યો હતો.આ પછી આરોપી અશોક પરમારે ધરપકડથી બચવા અગાઉ જામનગરની સેશન્સ અદાલતમાં આગોતરા જામીન અરજી મુકી હતી અને ગુજરાત હાઈકોર્ટમાં પણ આગોતરા જામીન અરજી કરેલ હતી. જે જામીન અરજીઓ રદ થતાં આરોપીની વિધિવત ધરપકડ કરી આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. જે બાદ તેણે અત્રેની સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી. જેમાં તપાસનીશ અધિકારી દ્વારા અદાલતમાં વિસ્તૃત સોગંદનામું કરવામાં આવ્યું હતું. તે મુજબ જીલ્લા સરકારી વકીલ જમન ભંડેરી એ અદાલતમાં સંખ્યાબંધ ધારદાર રજુઆતો કરેલી કે, હાલના ગુનામાં સદર આરોપીનો મુખ્ય શૈલ હોય, આરોપીએ ગંભીર ગુનો કરેલ હોય, આરોપી મેડીકલ બોર્ડની ફાઈલો પોતાના કબજામાં રાખી ફરીયાદી પાસે લાંચ માંગેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. આરોપીને જો જામીન મુક્ત કરવામાં આવશે તો સમાજ ઉપર વિપરીત અસર પડશે અને આરોપી પુરાવા સાથે ચેડાં કરી શકે તેમ હોય જૈથી.આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરી હતી. જે લંબાણપુર્વકની ધારદાર દલીલોના આધારે ન્યાયાધીશ વી.પી. અગ્રવાલ એ આ ચકચારી કેસમાં બંને પક્ષોને સાંભળીને આરોપીની જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે.

# મોરબીના ગાળા ગામના નાગરિકે તત્કાલીન ડીડીઓ અને કલેક્ટર સહિતના સામે ફરિયાદ નોંધવા તાલુકા પોલીસ મથકમાં અરજી કરી

**મુખ્ય સમાચાર,મોરબી**


મોરબી તાલુકાના ગાળા ગામમાં ગત ૭ જુલાઈ ૨૦૨૩માં જિલ્લા પંચાયત દ્વારા રોડ બનાવવા માટે ડીમોલીશન કામગીરી હાથ ધરી હતી જેમાં અનુસુચિત જાતિના ૩ પ્લોટ પર દબાણ હોવાનું જણાવી તેના પર જેસીબી ચલાવી રોડ પહોળો કરવામાં આવ્યો હતો જોકે હવે અ ડીમોલીશન કામગીરી વિવાદમાં ઘેરાઈ છે કારણ કે તંત્ર દ્વારા જે ડિમોલિશન કામગીરી કરવામાં આવી હોવાના આક્ષેપ થઇ રહ્યા છે ગાળા ગામના ભાણજી ગલાભાઈ જીતીયા એ અ તાલુકા પોલીસ મથકમાં ગામના તલાટી કમ મંત્રી આઈ જે કાસુન્દ્રા,તત્કાલીન ટીડીઓ ડી એચ કોટક,જમીન માપનીણી અધિકારી જે એમ ભોરણિયા તત્કાલીન માર્ગ મકાન વિભાગ પંચાયતના કા,પા ઈ તત્કાલીન ડીડીઓ અને કલેકટર સહિતના સામે ફરિયાદ નોધવા તાલુકા પોલીસ મથકમાં લેખિત અરજી કરી



છે આ અરજીમાં તેઓએ જણાવ્યું હતું કે ગાળા ગામની હદમાં ગામ નમુના ૨ નોધ ૫૬ એને ૯૩ માં રાજાશાહી વખતમાં ફાળેવલા પ્લોટમાં રહેતા હતા જોકે ગ્રામ પંચાયતના તલાટી મંત્રી આઈ કે કાસુન્દ્રાએ ખોટી રીતે આ પ્લોટ ૧૦૦ ચોરસ વાર ના હોય અને બાકીની જગ્યામાં આ ભાણજીભાઈ તેમજ અન્ય ત્રણ ભાઈઓ દ્વારા દબાણ કરવામાં આવ્યું હોવાનો ખોટો રીપોર્ટ ઉપલી કચેરીમાં રજુ કર્યો હતો આ ઉપરાંત આ રોડમાં ગામના અન્ય સર્વે નમ્બર પર દબાણ હોવા છતાં જમીન માપણી અધિકારી અને તલાટી મંત્રી સહિતના દ્વારા ખોટી રીતે ત્યાં દબાણ ન હોવાનો રીપોર્ટ કરી તે દબાણ ન તોડવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું આમાં આ ખોટા રીપોર્ટ ના કારણે તેમજ તેઓ અનુ, જાતિના હોવાના કારણે ભેદભાવ પૂર્તવક મના મકાન દબાણ ન હોવા છતાં તંત્ર દ્વારા તોડી પાડવમાં આવ્યા અને કોઈ પણ પ્રકારનું વળતર પણ આપવામાં આવ્યું નથી બીજી તરફ ગામના કેટલાક કથિત સવર્ણ જ્ઞાતિના હોવાના કારણે તેમના દબાણ યથાવત રાખી અન્યાય કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું અને બાબતે તેમણે તાલુકા પોલીસ મથકમાં તમામ સામે ગુન્હો દાખલ કરી ફરિયાદ નોધવા માંગણી કરી છે.

# આગામી બુધવારે શહેરના તમામ કતલખાના બંધ રાખવા આદેશ

■ ગાંધી જયંતી નિમિત્તે મનપા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ




**મુખ્ય સમાચાર,રાજકોટ**

મહાનગરપાલિકા દ્વારા આગામી ગાંધી જયંતિ નિમિતે તા. ૨-૧૦-૨૪ને બુધવારના રોજ શહેરના તમામ કતલખાનાઓ બંધ રાખવા માટેનું જાહેરનામું આજરોજ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. અને જાહેરનામાની અમલવારી ન કરનાર સામે ધોરણસરની કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે.

આગામી ગાંધી જયંતિ નિમિતે તા. ૨ ના રોજ (એક દિવસ) રાજકોટ મહાનગરપાલિકાના વિસ્તારમાં આવેલ તમામ પ્રકારના કતલખાનાઓ બંધ રાખવા ફરમાવવામાં આવે છે.સબંધકર્તા સર્વેએ આ જાહેરનામાની અમલવારી ચુસ્તપણે કરવી અને જાહેરનામાનો ભંગ કરનાર સામે ધી.જી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની કલમ ૩૨૯ અને ૩૩૬ તથા વેચાણો લીધેલ રાજકોટ મહાનગરપાલિકાના બાયલોઝ અન્વયે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની સબંધકર્તા તમામે ગંભીર નોંધ લેવી.


# આઈઓસી અને ગોકુલ હોસ્પિટલના સહયોગથી બાળકો અને યુવા વયસ્કોને મિશન સ્માઈલ અંતર્ગત વિનામૂલ્યે કલેફ્ટ સર્જરી કરી અપાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ, ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૪ : ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ અને ગોકુલ હોસ્પિટલના સહયોગથી મિશન સ્માઈલ ગુજરાતના બાળકો અને યુવા વયસ્કોને વિના મૂલ્યે ક્લેફ્ટ લિપ અને ક્લેફ્ટ પેલેટ સુધારાત્મક શસ્ત્રક્રિયાઓ ઓફર કરે છે જે તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૪ થી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન ગોકુલ હોસ્પિટલ, કુવાડવા રોડ, રાજકોટ ખાતે કરવામા આવશે. રાજકોટની ગોકુલ હોસ્પિટલમાં આ અમારું બીજુ મેડિકલ મિશન છે. અમો આ મિશન દ્વારા ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૫૦૦ પ્લસ દર્દીઓના ઓપરેશન કરવામાં આવ્યા છે. અમે અપેક્ષા રાખીએ છીએ કે ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૪ એ હોસ્પિટલમાં દર્દીઓની તપાસ કર્યા બાદ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૪ થી ૩૦મી સપ્ટેમ્બર, વચ્ચે સર્જરી કરવામાં આવશે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ ચાર દિવસીય કલેફટ સર્જિકલ કેમ્પ (મિશન) દ્વારા સમગ્ર ભારતમાં પ્લાસ્ટિક સર્જરી, ઓરલ અને મેકિસલોફેસિયલ સર્જરી, એનેસ્થેસિયોલોજી, બાળરોગ, દંત ચિકિત્સા અને નર્સિંગ ક્ષેત્રના તબીબી નિષ્ણાતોની ટીમ દ્વારા પ્રદાન કરશે. આ મિશન દ્વારા અમો ફાટેલા હોઠ ધરાવતા બાળકોના ચહેરા ઉપર સ્મિત લાવવા માગીએ છીએ.


(તસ્વીરઃ આનંદ જાવિયા)





ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ સમગ્ર મિશનમાં મદદ કરી રહી છે જેથી કરીને ગુજરાતના કલેફટની તકલીફ ધરાવતા અસરગ્રસ્ત બાળકોને મફત સર્જરીનો લાભ મળી શકે. ગુજરાતના જિલ્લાઓમાં કલેફટ જાગૃતિ અભિયાનો યોજવાનું શરૂ કર્યુંછે. દર્દીઓને મફત પરિવહન, ભોજન, રહેઠાણ, તબીબી તપાસ, સર્જરી અને દવાઓ મળશે. શસ્ત્રક્રિયા પછી, દર્દીઓને ઓપરેશન પછીની સારવાર પણ મફત આપવામાં આવશે. આ વ્યાપક કલેફટ સર્જરી મિશનના ભાગ રૂપે, જરૂરી દર્દીઓને મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ, પોષણ સહાય અને માર્ગદર્શન વગેરેની પણ ઍક્સેસ હશે જે તદ્દન મફત છે. ઈન્ડિયન ઓઈલ એ એક વૈવિધ્યસભર, સંકલિત ઉર્જા ક્ષેત્ર છે જે લગભગ તમામ સ્ટ્રીમ્સ ઓઈલ, ગેસ, પેટ્રોકેમિકલ્સ અને વૈકલ્પિક ઉર્જા સ્રોતોમાં હાજરી ધરાવે છે. ૩૩,૫૦૦ થી વધુ વર્કફોર્સ, વ્યાપક રિફાઈનિંગ, વિતરણ અને માર્કેટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અદ્યતન છઉ સુવિધાઓ સાથે, ઈંક્ષમશફક્ષ ઘશહ એ તેના ગ્રાહક ટચપોઈન્ટ્સના સતત વિસ્તરતા નેટવર્ક દ્વારા સમગ્ર દેશના લાખો લોકોને ઉર્જાનો વપરાશ પૂરો પાડયો છે.

# વર્લ્ડ હાર્ટ ડે અંતર્ગત વોકહાર્ટ હોસ્પિટલના ડોક્ટરો દ્વારા હાર્ટ અટેક અંગે માહિતી અપાઈ

## લાઈફ સ્ટાઈલમાં ફેરફાર સાથે સંતુલિત આહાર અને નિયમિત વ્યાયામ પર ભાર મુકતા નિષ્ણાંત ડોક્ટરો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

૨૯ સપ્ટેમ્બરના રોજ વિશ્વભરમાં વર્લ્ડ હાર્ટ ડેની ઉજવણી કરવામાં આવે છે. હૃદયએ માનવ શરીરના સૌથી મહત્વપૂર્ણ અંગોમાંનું એક છે. હૃદયએ માનવ શરીરનું મહત્વનું અંગ છે.જો હૃદય કામ કરવાનું બંધ કરી દે તો વ્યક્તિનું મૃત્યુ થાય છે. આજના સમયમાં આપણી ખરાબ દિનચર્યા અને સતત નવા પ્રકારના રોગોને કારણે સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડે છે, જેના કારણે હૃદયને પણ ઘણું સહન કરવું પડે છે. આવી સ્થિતિમાં હૃદયને સ્વસ્થ રાખવા માટે નવર્લ્ડ હાર્ટ ડેથ ઉજવવામાં આવે છે. ડોક્ટરોના મતે, દરેક વ્યક્તિએ પોતાના શરીરને સ્વસ્થ રાખવા માટે સવારે ઓછામાં ઓછી ૩૦ મિનિટ કસરત કરવી જોઈએ. તેમજ તેલયુક્ત અને ચરબીયુક્ત ખોરાક ખાવાનું ટાળવું જોઈએ. અયોગ્ય આહારની સાથે ધૂમ્રપાનના વધતા જતા કેસો હૃદય સંબંધિત રોગોને જન્મ આપી રહ્યા છે. જે અંગે વધુ માહિતી આપવા માટે વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટના નિષ્ણાંત ડોક્ટર્સનું એક પેનલ ડિસ્કશન યોજાયું હતું, જેમાં વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ ખાતેના પ્રતિષ્ઠિત કાર્ડિયાક કન્સલ્ટન્ટ્સ- ડો. ધર્મેશ સોલંકી, MBBS, MD, DNB, DM(કાર્ડિયોલોજી), સિનિયર કન્સલ્ટન્ટ- ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ, ડો. જયદીપ દેસાઈ, MBBS, MD(મેડિસિન), ઉગઇ (કાર્ડિયોલોજી), સિનિયર કન્સલ્ટન્ટ- ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ, ડો. કપિલ વિરપરિયા, MBBS, MD(મેડિસિન), ઉખ (કાર્ડિયોલોજી), સિનિયર કન્સલ્ટન્ટ - ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ, ડો. અભિષેક રાવલ, MBBS, ખઉ (મેડિસિન), સિનિયર કન્સલ્ટન્ટ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ, ડો. વર્ષિત હાથી, MBBS, MD (મેડિસિન), કન્સલ્ટન્ટ- ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ, ડો. ચિંતન મહેતા, MBBS, DNB (CVTS), કન્સલ્ટન્ટ- કાર્ડિયો વાસ્ક્યુલર થોરાસિક અને મિનિમલ ઈન્વેઝિવ કાર્ડિયાક સર્જન વગેરે એ હૃદયના સ્વાસ્થ્ય વિશે મહત્ત્વપૂર્ણ માહિતી પૂરી પાડી હતી, જેમાં હૃદયરોગના હુમલાની સાવચેતી, લક્ષણોને ઓળખવા અને હૃદયરોગના હુમલાના જોખમને માપવા, અને કોને એન્જિયોગ્રાફી અને એન્જીયોપ્લાસ્ટીની જરૂર પડી શકે છે તે સમજવા જેવા મહત્વપૂર્ણ વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત,વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટના નવા લોગોનું પણ અનાવરણ કરવામાં આવ્યું હતું.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ડો. ધર્મેશ સોલંકી, (સિનિયર કન્સલ્ટન્ટ - ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ) એ હાર્ટ એટેકની સાવચેતીના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, લાઈફસ્ટાઈલમાં ફેરફાર જેમ કે સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ અને તમાકુ ટાળવાથી હાર્ટએટેકના જોખમ નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે. હૃદયની સમસ્યાના કેસમાં વધારો થવા માટે ફાસ્ટફૂડ, લાઈફ સ્ટાઈલ મુખ્ય જવાબદાર પરિબળ છે.અનેક લોકો પૂરતી કસરત કે નિયમિત વોકિંગમાં ગયા વિના અચાનક વધારે પડતો શ્રમ લઈ લે તેવા કિસ્સામાં પણ હૃદયરોગનો હુમલો થઈ શકે છે.સ્ત્રસ્ત્ર તેમણે સ્ટ્રેસ મેનેજમેન્ટની ભૂમિકા અને પ્રારંભિક તપાસ અને નિવારણમાં નિયમિત આરોગ્ય તપાસ પર પ્રકાશ પાડ્યો. હાર્ટ એટેકના મુખ્ય લક્ષણોમાં છાતી ભારે લાગવી, પરસેવો વળી જવો, ધબકારા વધી જવા અથવા ધબકાર સંભાળાવવા, શ્વાસ લેવામાં તકલીફ થવી, ચક્કર આવવા અથવા આંખે અંધારા આવી જવા, અશકિત લાગવી, તેમજ એસીડીટી જેવુ લાગવું, પીઠ દર્દ થવું, જડબામાં દુખવું, હાથ ભારે લાગવા વગેરેનો સમાવેશ થાય છે. એન્જીયોગ્રાફી તથા એન્જીયોપ્લાસ્ટી અંગે સમજાવતાં ડોક્ટર્સે જણાવ્યું હતું કે, સામાન્ય ભાષામાં એન્જીયોપ્લાસ્ટી એક નોન સર્જિકલ પ્રક્રિયા છે.

# રાજકોટ બાદ ઉત્તરપ્રદેશમાં ચાઈનીઝ લસણનો મુદ્દો સળગ્યો : મામલો હાઈકોર્ટમાં



**મુખ્ય સમાચાર,રાજકોટ**

યુપીમાં ચાઈનીઝ લસણનો મુદ્દો ગરમાઈ રહ્યો છે. હવે આ મામલો કોર્ટમાં પહોંચ્યો છે. આને લઈને ફરિયાદી પોતે હાઈકોર્ટની લખનૌ બેંચ પહોંચ્યાં હતાં. ચાઈનીઝ લસણના ઉપયોગને સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી ગણાવતાં, અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચમાં એક પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી જેમાં તેની આયાત અને વેચાણ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી.

ફરીયાદીએ દાવો કર્યો હતો કે ચીની લસણની ખરાબ અસરોને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ૨૦૧૨ માં તેનાં પર પ્રતિબંધ મૂક્યો હતો. કોર્ટમાં સુનાવણી દરમિયાન ફરિયાદી અડધો કિલો લસણ લઈને પહોંચ્યો હતો.

કોર્ટે કેસની આગામી સુનાવણી માટે ૨૭ સપ્ટેમ્બરે નક્કી કરી છે. આ કેસની સુનાવણી બાદ હાઈકોર્ટનાં જસ્ટિસ રંજન રોય અને જસ્ટિસ ઓમ પ્રકાશ શુક્લાની ડિવિઝન બેંચે ફૂડ સેફ્ટી એન્ડ ફાર્માસ્યુટિકલ્સ વિભાગનાં અધિકારીને હાજર થવાનો આદેશ આપ્યો હતો.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગરીબ કલ્યાણ મેળો યોજાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજ ત શુક્રવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકેશ્ર અટલ બિહારી વાજપેયી ઓડીટોરીયમ, પેડક રોડ ખાતેમહાનગરપાલિકા કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું યોજાયો. આ ગરીબ કલ્યાણ મેળા કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલાના વરદ્ હસ્તે કરી શુભારંભ કરવામાં આવ્યો.

આ ગરીબ કલ્યાણ મેળા કાર્યક્રમમાં સાંસદ પરસોતમભાઈ રૂપાલા, મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ,રમેશભાઈ ટીલાળા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષદંડક મનિષભાઈ રાડીયા,રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, શિશુ કલ્યાણ અને ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિ શામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, સેનિટેશન કમિટી ચેરમેન નિલેશભાઈ જલુ,માધ્યમિક શિક્ષણ અને આનુસાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસિલાબેન સાકરીયા, કોર્પોરેટર પરેશ આર.પીપળીયા, રૂચિતાબેન જોશી, વિનુભાઈ સોરઠીયા, મંજુબેન કુગસીયા, નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરે, સી.કે.નંદાણી,એચ.આર.પટેલ, સિટી એન્જીનિયર પી.ડી.અઢીયા, બી.ડી.જીવાણી, આસી.કમિશનર સમીર ધડુક, આસી.કમિશનર બી.એલ.કાથરોટીયા, દિપેન ડોડીયા, આરોગ્ય અધિકારી ડો.જયેશ વંકાણી, આર.સી.એચ.ઓ.ડો.લલિત વાંજા, સેક્રેટરી એચ.પી.રૂપારેલીઆ, પી.એસ.ટુ મેયર અને મેનેજર વી.ડી.ઘોણીયા, કૌશિક ઉનાવા, મયુર ખીમસુરીયા, રાજકોટ મહાનગરપાલિકાના તથા સરકારશ્રીની વિવિધ કચેરીના અધિકારીઓ-કર્મચારીઓ, પ્રેસ-મીડિયાના પ્રતિનિધિઓ અને ગરીબ કલ્યાણ મેળાના બહોળી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા.ગુજરાત રાજ્યના આદરણીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજ્ય કક્ષાના ગરીબ કલ્યાણ મેળાકાર્યક્રમ સ્થળ બનાસકાંઠાના કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવેલ કે,સૌ પ્રથમ આજના વિશ્વ પ્રવાસન દિવસની શુભેચ્છાઓ પાઠવેલ અને જણાવેલ કે, ગુજરાતમાં વર્ષ ૨૦૨૪માં પ્રવાસીઓની સંખ્યામાં ૨૪%નો વધારો થયો છે અને ૨૩.૪૩ લાખ વિદેશીઓએગુજરાતની મુલાકાત લીધી છે.વિશ્વ નેતા અને યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારથી દેશનું સેવા દાયિત્વ સંભાળ્યું છે ત્યારથી દેશમાં ગરીબ કલ્યાણનો નવો અધ્યાય શરૂ થયો છે. ગરીબોનું સશક્તિકરણ કેવી રીતે થઈ શકે તેનું ઊતમ ઉદાહરણ દેશ અને દુનિયાને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પુરૂ પાડ્યું છે.



# સરગમ લેડીઝ ક્લબ આયોજિત ગોપી રાસોત્સવને અપાઈ રહેલો આખરી ઓપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સરગમ લેડીઝ કલબ દ્વારા આયોજિત ગોપી રાસોત્સવની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. યાજ્ઞિક રોડ પર આવેલી ડી.એચ. કોલેજ ના સુંદર મેદાનમાં રાસોત્સવ રમાશે અને તેમાં મોટી સંખ્યામાં બહેનો દસેય દિવસ માતાજીની આરાધના કરશે.

ડી એચ કોલેજના મેદાનમાં સુંદર ખુરશી પર બેઠક વ્યવસ્થા અને પારિવારિક માહોલમાં યોજાતા આ ગોપી રાસોત્સવમાં સરગમ લેડીઝ કલબના સભ્ય ન હોય તેવા બહેનો પણ ભાગ લઈ શકે છે.

આ ગોપી રસોત્સવમાં રોજે રોજ વિશિષ્ટ મહેમાનોના હસ્તે જુદા જુદા આકર્ષક ઈનામો આપવામાં આવશે. ગુણવંતભાઈ ડેલાવાળા નાં જણાવ્યા અનુસાર, આ રાસોત્સવને પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા અને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું માર્ગદર્શન મળી રહ્યું છે.આ રાસોત્સવ માટે અનેક દાતાઓનો સહયોગ મળ્યો છે. આ દાતાઓમાં મૌલેશભાઈ પટેલ, સ્મિતભાઈ પટેલ, ખોડીદાસભાઈ પટેલ, ગિરધરભાઈ દોંગા, રાકેશભાઈ પોપટ, નીરજભાઈ આર્ય, કિરીટભાઈ આદ્રોજા, અનંતભાઈ ઉનડકટ, જીતુભાઈ ચંદારાણા, સુરેશભાઈ નંદવાણા, બીપીનભાઈ હદવાણી, પ્રભુદાસભાઈ પારેખ, રાજદીપસિંહ જાડેજા, અશોકભાઈ વૈષ્ણાની, નિખીલભાઈ પટેલ, નાથાભાઈ કાલરીયા, જગદીશભાઈ ડોબરિયા, શ્યામભાઈ શાહ, જીતુભાઈ બેનાણી, પ્રફુલભાઈ હદવાણી, હેતલભાઈ રાજગુરુ, હરેશભાઈ લાખાણી, શૈલેશભાઈ માંકડિયા, યોગેશભાઈ પુજારા, રાજનભાઈ વડાલીયા, મનીષભાઈ માદેકા, એમ.જે.સોલંકી અને રવિભાઈ રાત્રોજા નો સમાવેશ થાય છે. આ રાસોત્સવનાં સહયોગી દાતા સેન્ડી હોમ એપ્લાયાન્સીઝના હરીસીંગ સુચરિયા, શ્રીનાથજી સ્કોડા શો રૂમનાં શૈલેશભાઈ પાબારી, શિલ્પા લાઈફ સ્ટાઈલનાં પ્રભુદાસભાઈ પારેખ, પુજારા ટેલીકોમનાં યોગેશભાઈ પુજારા, રાગા સ્વરા લક્ઝરી આયુર્વેદિક રિસોર્ટનાં ડેનીશભાઈ પટેલ, રાજમોતી ઓઈલ મિલના શ્યામભાઈ શાહ, મારવાડી યુનિવર્સીટીનાં જીતુભાઈ ચંદારાણા. ડેકોરા ગ્રુપનાં નિખીલભાઈ પટેલ, એસ.કે.દુલ્હાનાં રવિભાઈ રાત્રોજા, યુરાટોમ સોલારનાં ભાવેશભાઈ ઢોલરીયા, રેનેવિક સોલારનાં સાકેતભાઈ આર્ય અને મોન્સ્ટેરા ધ કાફેનાં પાયલબેન પટેલ છે લેડીઝ કલબની રાસે રમતી વિજેતા બહેનોને રોજ ૨૫ ઈનામો આપવામાં આવનાર છે. આ ઈનામો રાજદીપસિંહ જાડેજા ( રાજાભાઈ વાવડી ) તરફથી આપવામાં આવશે. આ ઉપરાંત બાન લેબના મૌલેશભાઈ ઉકાણી તરફથી મુખ્ય કીટ, એન્જલ પંપનાં કિરીટભાઈ આદ્રોજા તરફથી કીટ, ચોકોડેનનાં સુધીરભાઈ પંડ્યા દ્વારા ગીફ્ટ વાઉચર, ઓપ્શન શો રૂમનાં શીલાબેન ચાંદ્રાણી તરફથી ગીફ્ટ, ગીરીકન્દ્રા ફૂડસનાં રાકેશભાઈ દેસાઈ તરફથી કીટ, ગોપાલ નમકીનવાળા બીપીનભાઈ હદવાણી તરફથી ગીફ્ટ, એટ્રેક્શન હેર એકેડમીના ભરતભાઈ ગાલોરીયા તરફથી વાઉચર અને આઈ મેટ્રિક ઓપ્ટીકલના ડો. માધવભાઈ શેઠ તરફથી ચશ્માની ગીફ્ટ આપવામાં આવશે.આ રાસોત્સવમાં નિર્ણાયક તરીકે નીલુબેન મહેતા, કાશ્મીરાબેન નથવાણી, ડો. માલાબેન કુંડલીયા, ભાવનાબેન બગડાઈ અને માયાબેન પટેલ સેવા આપશે. આ ઉપરાંત મેલોડી કલર્સનાં મન્સુરભાઈ ત્રિવેદી પ્રસ્તુત ઓરકેસ્ટ્રા અને કી બોર્ડમાં તુષારભાઈ ગોસાઈ પ્રસ્તુત કરશે. ખ્યાતનામ ગાયકો હેમંતભાઈ પંડ્યા, પ્રિયાબેન જોશી, નીલેશભાઈ પંડ્યા અને ડો. પ્રીતીબેન ભટ્ટ સેવા આપશે. એનાઉન્સર તરીકે દિનેશભાઈ બાલાસરા છે.

# રાજ્યમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ!! છેલ્લા ૨૪ કલાકમાં ૨૧૨ તાલુકામાં વરસાદ, હજુ બે દિવસ વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યમાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ ફરી ધમેકેદાર બેટિંગ શરુ કરી હતી. ત્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૧૨ તાલુકામાં વરસાદ પડ્યો છે.જેમાં સૌથી વધુ તાપીના વ્યારામાં સવા આઠ ઈંચ વરસાદ વરસ્યો છે. સોનગઢમાં ૬.૨૫ છ ઈંચ, જૂનાગઢના વિસાવદરમાં ૬ ઈંચ અને ભાવનગરના ઘોઘામાં પણ ૬ ઈંચ વરસાદ ખાબક્યો છે.

હવામાન વિભાગે રાજ્યમાં ૩ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. મહારાષ્ટ્રમાં સર્જાયેલા સાયક્લોન સર્ક્યુલેશનની અસર ગુજરાતમાં જોવા મળી રહી છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં તાપીના વ્યારામાં સવા ૮ ઈંચ, સોનગઢમાં સવા ૬ ઈંચ, વિસાવદરમાં સવા ૬ ઈંચ, ઘોઘામાં છ ઈંચ, પાલિતાણામાં સાડા ૪ ઈંચ, વાપીમાં સવા ૪ ઈંચ, વલ્લભીપુરમાં સવા ૪ ઈંચ, વલસાડના પારડીમાં સવા ૪ ઈંચ, વલસાડ તાલુકામાં ચાર ઈંચ, ભાવનગર તાલુકામાં પોણા ચાર ઈંચ, સિહોરમાં પોણા ૪ ઈંચ, ઉનામાં પોણા ૪ ઈંચ, ઉમરગામમાં પોણા ૪ ઈંચ, સુત્રાપાડામાં સાડા ૩ ઈંચ, સાયલામાં સાડા ૩ ઈંચ, કોડીનારમાં સાડા ૩ ઈંચ, વાલોડમાં સવા ૩ ઈંચ, જલાલપોરમાં સવા ૩ ઈંચ, ભેંસાણમાં ૩ ઈંચ, ચુડામાં પોણા ૩ ઈંચ, કુકાવાવમાં પોણા ૩ ઈંચ, આહવામાં પોણા ૩ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

આ સિવાય લીલીયામાં અઢી ઈંચ, ખેરગામમાં અઢી ઈંચ, બારડોલીમાં અઢી ઈંચ, ઉચ્છલમાં અઢી ઈંચ, ગીર ગઢડામાં અઢી ઈંચ, સુબીરમાં અઢી ઈંચ, બગસરામાં અઢી ઈંચ, ભાવનગરના મહુવામાં સવા બે ઈંચ, તાલાલામાં સવા ૨ ઈંચ, માળીયા હાટીનામાં સવા ૨ ઈંચ, તળાજામાં સવા બે ઈંચ, ઉમરાળામાં સવા બે ઈંચ વરસાદ પડ્યો હતો.

ત્યારે ચોટીલામાં સવા બે ઈંચ, નિઝરમાં સવા બે ઈંચ, જાફરાબાદમાં સવા બે ઈંચ, લીંબડીમાં સવા બે ઈંચ, જેસરમાં બે ઈંચ, પાટણ તાલુકામાં બે ઈંચ, અમરેલી તાલુકામાં બે ઈંચ, સાવરકુંડલામાં પોણા બે ઈંચ, સુરતના મહુવામાં પોણા બે ઈંચ, મેંદરડામાં પોણા બે ઈંચ, ધોલેરામાં પોણા બે ઈંચ, વઘઈમાં પોણા બે ઈંચ, મહેસાણામાં પોણા બે ઈંચ, ગારીયાધારમાં પોણા બે ઈંચ, વાંસદામાં દોઢ ઈંચ, ગઢડા, પાટણ-વેરાવળમાં દોઢ ઈંચ, વિંછિયામાં દોઢ ઈંચ, નવસારી તાલુકામાં દોઢ ઈંચ, બોટાદમાં દોઢ ઈંચ, કોટડા સાંગાણીમાં દોઢ ઈંચ, જાંબુઘોડામાં દોઢ ઈંચ, ભિલોડામાં દોઢ ઈંચ, ધારીમાં દોઢ ઈંચ, પલસાણામાં દોઢ ઈંચ, કુકરમુંડામાં દોઢ ઈંચ વરસ્યો હતો. હવામાન વિભાગે રાજ્યમાં ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આગામી ત્રણ દિવસ ગુજરાતના અનેક જિલ્લામાં ભારે મેઘમહેર થવાની શક્યતા છે. આ સાથે સૌરાષ્ટ્રના ભાવનગર, ગીર સોમનાથ, અમરેલીની સાથે જ દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચમાં પણ ભારે વરસાદની આગાહી છે. દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, વલસાડ જિલ્લો તથા દમણ અને દાદરા નગર હવેલી ખાતે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.



# ઉનાના ઊમેજમાંથી ગેરકાયદે અનાજનો જથ્થો પકડાયો

## કલેકટરને બાતમી મળતાં ઊના મામલતદારને દોડાવ્યા

## ૪.૩૬ લાખનો અનાજ કેરોસીન જથ્થો સીઝ કર્યો

**મુખ્ય સમાચાર, ઉના**

ઊના તાલુકાના ઉમેજ ગામે ગેરકાયદેસર અનાજ પુરવઠાનો જથ્થો સંતાડેલ હોવાની જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાને બાતમી મળતાં ઊના મામલતદાર ભીમાણી ને જાણ કરાતાં તાત્કાલિક પુરવઠા વિભાગ ની ટીમ સાથે ઘટના સ્થળે દોડી જઈ ને તપાસ કરતાં પુરવઠા રેશનિગ દુકાન નાં ઘર નજીક થી અનાજ, કેરોસીન નો મોટો જથ્થો હાથ લાગતાં સીઝ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે .ઊમેજ ગામે એફ પી એસ સંચાલક ભગુભાઈ જોધુભાઈ દુદાવાળા નાં ઘરે અનાજ બાજરી નાં ૨૭ કટ્ટા કિંમત રૂ ૩૬૪૫૦ તેમજ મળી આવતાં મામલતદાર ભીમાણી અને પુરવઠા કર્મી દ્વારા વધું તપાસ શરૂ કરતાં રાશનકાર્ડ ની દુકાને દરોડા કરતાં ઘંઉ, બાજરી,ચોખા, સીંગતેલ, ખાંડ નો ૭૯૦૯.૫ કિલો જથ્થો શંકાસ્પદ મળી આવતાં રૂપિયા ૩,૦૪,૨૮૧/ નો જથ્થો સીઝ કર્યો હતો ત્યાર બાદ આ પુરવઠા રેઈડ દરમ્યાન ગૃપત રાહે તપાસ દરમિયાન ભગુભાઈ જોધુભાઈ દુદાવાળા નાં ઘર આગળ નાં ભાગે આવેલ એક ઓરડીમાં ૮૦૦ લીટર કેરોસીન નાં ૪ બેરલ કિંમત ૮૦.૦૦૦ નો સીજ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઊના તાલુકાના મોટાં પાયે અનાજ પુરવઠો ગેરકાનૂની રીતે બારોબાર મોટાં કરી દેવાતો હોય ગરીબ પરીવાર નાં રાશનકાર્ડ ધરાવતા લોકો ને તેનાં હક નું અનાજ પુરવઠો સમયસર નહિ અપાતો હોવાની ફરીયાદો ઊઠી રહીં છે.તેમજ સ્થાનિક તંત્ર કામગીરી માં ગોલમાલ કરતું હોવાની ફરિયાદો ઊઠી છે.



MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# અગાઉ ત્રણ વાર પકડાયેલ બોગસ તબીબે તે જ જગ્યાએ ફરીવાર દવાખાનું ખોલતા ઝડપાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના માંડાડુંગરમાંથી અગાઉ ત્રણ વાર પકડાયેલ બોગસ તબીબ સંજય સોમપુરાને ચોથીવાર એસઓજીની ટીમે પકડી પાડી .૪૫ હજારની દવા, ઈન્જેકશન સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દસ પાસ સંજય સોમપુરા ખાનગી હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે કામ કરી અનુભવ મેળવ્યા બાદ સલ્મ વિસ્તારમાં દવાખાનું ખોલી કાળી કમાણી કરતો હતો. શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહીલ, એસીપી ક્રાઈમ ભરત બસીયાએ શહેર વિસ્તારમાં સામાન્ય પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરતા નકલી ડોકટર પર કાયદાકીય રીતે કડક હાથે કામ લેવાની આપેલ સુચનાથી એસ.ઓ.જી. પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ આર.જે.કામળીયા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં. ત્યારે હેડ કોન્સ્ટેબલ જયદિપસિંહ ચૌહાણ, કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલા, યોગરાજસિંહ ગોહિલને માંડા ડુંગર વિસ્તારમાં શ્રી રામ પાર્ક મેઈન રોડ બાપાસીતારામ ડેરીની સામે મેડિકલ ડીગ્રી વગર એક શખ્સ સંજીવની કલીનીક નામે દવાખાનું ચલાવતો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી ત્યાં હાજર એક શખ્સ લોકોને તપાસતો હોય જેમને અટક કરી તેનું નામ પૂછતાં સંજય રસીક સોમપુરા (ઉ.વ.૫૯),(રહે.શ્રી રામ પાર્ક શેરી નં.૧, આજીડેમ ચોકડી પાસે) હોવાનું જણાવ્યું હતું.તેમની પાસે મેડીકલ ડીગ્રી અંગે પૂછતાં તેમની પાસે કોઈ કોઈપણ જાતની ડીગ્રી વગર પ્રેક્ટિસ




કરતો હોવાની કબૂલાત આપતાં સંજય સોમપુરાની ધરપકડ કરી દવાખાનામાંથી હોસ્પીટલના સાધનો, એલોપેથિક દવાઓ, ઈન્જેકશન અને રોકડા મળી રૂ. ૪૫,૨૭૦ નો મુદામાલ કબ્જે કરી પૂછપરછહાથ ધરી હતી. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, આરોપી સંજય સોમપુરા અગાઉ પણ ત્રણ વખત મેડિકલ ડીગ્રી વગર પ્રેક્ટિસ કરતાં પકડાઈ ચુક્યો છે અને તે જ જગ્યાએ ફરીવાર તેને દવાખાનું ખોલી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં ચોથી વાર પકડાયો હતો. તે ૧૦ પાસ જ હોવાનું અને અગાઉ તેને હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે કામ કાર્યના અનુભવના આધારે દવાખાનું ખોલી પ્રેક્ટિસ કરતો હતો.

# નાનામવા નજીક BRTS નો રસ્તો ક્રોસ કરી રહેલી મહિલાનું બસની ઠોકરે મોત: ચાલક સામે પોલીસે ગુનો નોંધ્યો

■ **ખોડિયારનગરમાં રહેતી મહિલા ઘરકામ કરવા જઈ રહી હતી ત્યારે બનેલી ઘટના**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાનામવા ચોક પાસેના બીઆરટીએસ રૂટ પર મહિલા પગપાળા રોડ ક્રોસ કરવા જતા બેકાબૂ બસે ઠોકરે લેતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજતા માલવિયાનગર પોલીસે બસચાલક સામે બેફિકરાઈથી બસ ચલાવી મૃત્યુ નીપજાવવા અંગેનો ગુનો દાખલ કર્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગોંડલ રોડ નજીક ખોડિયારનગરમાં રહેતા સોનલબેન ઘુઘાભાઈ (ઉ.૩૫) બપોરે તેના ઘરેથી પગપાળા ઘરકામ કરવા જતા તે દરમિયાન ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાનામવા નજીક બીઆરટીએસ રૂટ પર પગપાળા રોડ ક્રોસ કરવા જતા બેકાબૂ બસની ઠોકરે ચડી જતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા માલવિયાનગર પોલીસ મથકના જમાદાર સોનુબેન મુળિયા સહિતના સ્ટાફે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડી તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં મૃતક મહિલાને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી હોવાનું અને પતિ રિક્ષા ચલાવતા હોય. તેની સાથે મૃતક સોનલબેન પણ પારકા ઘરકામ કરી પરિવારનું



ગુજરાન ચલાવવામાં મદદ રૂપ થતી હોવાનું પરિવારે જણાવ્યું હતું. પોલીસની વધુ પૂછતાછમાં ગુરુવારે બપોરે ઘરકામ કરવા માટે નીકળ્યા હતા તે દરમિયાન આ બનાવ બન્યો હોવાનું જણાવતા પીઆઈ દેસાઈ સહિતે સીસીટીવી સહિતની તપાસ કરી બસચાલક સામે બીઆરટીએસ પર બેફિકરાઈથી બસ ચલાવી મહિલાનું મૃત્યુ નીપજાવ્યા અંગેનો રાત્રે ગુનો દાખલ કર્યો હતો.

બીઆરટીએસ પરથી રાહદારીઓને ચાલવાની મનાઈ હોય છે પરંતુ આ કેસમાં માલવિયાનગર પોલીસે બીઆરટીએસ રૂટ પર બસ ચલાવતા અજાણ્યા ડ્રાઈવર સામે ગુનો નોંધ્યો છે. ડ્રાઈવર પકડાયા બાદ આ અંગે વધુ વિગતો બહાર આવશે.

# ભાવનગરમાં દર્શનાર્થીઓ ભરેલી બસ કોઝ-વેમાં ખાબકી, ભારે જહેમત બાદ ૨૯ યાત્રાળુઓનું હેમખેમ રેસ્ક્યુ કરાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યમાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ ફરી ધમેકેદાર બેટિંગ શરુ કરી હતી. હવામાન વિભાગ દ્વારા પણ અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે ભાવનગરમાં પણ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ભાવનગર જીલ્લમાં ભારે વરસાદને પગલે અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયાં હતાં. આ દરમિયાન ભાવનગર નજીકના કોળિયાક ખાતે આવેલા નિષ્કલંક મહાદેવના દર્શન કરી પરત ફરતી એક ખાનગી બસ કોળિયાક નજીક એક કોઝવે ઉપરથી પસાર થતા પુર માં ફસાઈ હતી. ભારે વરસાદના કારણે નદીમાં પુર આવતા અને કોઝવે ઉપરથી પાણી પસાર થતું હોવા છતાં બસ ચાલકે બસ પસાર કરવાનો પ્રયાસ કર્યો હતો અને ત્યારબાદ બસ થોડું અંતર કાપ્યા બાદ બંધ પડી ગઈ હતી અને પાણીના વહેણમાં તણાઈ જતા અડધી નીચે ઉતરી જતા શ્રદ્ધાળુઓ ફસાઈ ગયા હતા.જેને તંત્ર દ્વારા ૮ કલાકની મહેનત બાદ સહીસલામત રેસ્ક્યુ કરી બહાર કાઢવામાં આવ્યા હતા.

તમિલનાડુ પાસિંગની બસ ભાવનગર શહેરથી આશરે ૨૪ કિ.મી.ના અંતરે આવેલા નિષ્કલંક મહાદેવના મંદિરના દર્શન કરવા આવ્યા હતા. આ બસના શ્રદ્ધાળુઓ દર્શન કરી પરત ફરી રહ્યા હતા ત્યારે કોળિયાકથી ૧ કિમિ દૂર આવેલા એક કોઝવે કે જેમાં ભારે વરસાદને પગલે નદીમાં પુર આવતા કોઝવે ઉપરથી પાણી પસાર થતું હોય છતાં બસ ચાલકે તેમાંથી બસ બહાર કાઢવાનો પ્રયાસ કરતા બસ કોઝવે પર થોડું અંતર કાપી બસ બંધ પડી જતા અને પાણીનો પ્રવાહ વધતા બસ ધસડાઈને અડધી કોઝવે પર અને અડધી પાણીમાં ફસાઈ ગઈ હતી. આ બનાવની જાણ થતા મોટી



સંખ્યામાં સ્થાનિકો અને સરપંચ સહિતના લોકો ત્યાં દોડી ગયા હતા અને તંત્રને જાણ કરતા કલેકટર,કમિશનર,ધારાસભ્ય સહિતના લોકો અને રેસ્ક્યુની ટીમ ત્યાં દોડી ગઈ હતી.ત્યારબાદ એક ટ્રક ને પાણીના ધસમસતા પ્રવાહ વચ્ચે મોકલી બસના કાચ તોડી તમામ ફસાયેલા શ્રદ્ધાળુઓને બહાર કાઢવામાં સફળ રહ્યું હતું પરંતુ ટ્રકનું એક વ્હીલ પુલ પરથી ઉતરી જતા તમામ મુસાફરો ફરી ટ્રકમાં ફસાયા હતા. જેથી શ્રદ્ધાળુઓને સલામત બહાર કાઢવા એનડીઆરએફની એક ટુકડીને ત્યાં બોલાવી રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. પરંતુ પાણીના ભારે પ્રવાહમાં એનડીઆરએફની ટીમ પણ મૂંઝવણમાં મુકાઈ હતી.


ઘટનાના ૮ કલાક બાદ પાણીનો પ્રવાહ ઓછો થતા કોઝવેની બીજી સાઈડ અંતર ઓછું હોય રેસ્ક્યુ ટીમના લોકો દ્વારા ૪ શ્રદ્ધાળુઓને બીજી સાઈડ થી સલામત બહાર કાઢવામાં આવ્યા હતા તેમજ વધુ એક ટ્રકને મોકલી બાકીના ફસાયેલા ૨૫ મળી કુલ ૨૯ શ્રદ્ધાળુઓનું રેસ્ક્યુ કરી સલામત બહાર કાઢવામાં આવ્યા હતા.તંત્ર દ્વારા આ સમયે ૧૦૮ એમ્બ્યુલન્સ અને મેડિકલની ટીમને હાજર રાખી તમામ શ્રદ્ધાળુઓની આરોગ્ય ચકાસણી ત્યાં જ કરવામાં આવી હતી. જયારે તમામ શ્રદ્ધાળુઓની સ્થિતિ સામાન્ય હોય તમામને ભાવનગર ખાતે પાટીદાર સમાજની વાડીમાં આશ્રય તેમજ ભોજનની વ્યવસ્થા કરી હતી.

# રાજકોટમાંથી મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે લાઠીનો ગુલામઅહેમદ જાખરા ઝડપાયો

### શહેર એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજા અને ટીમ કોઈપણ ભોગે રાજકોટને ડ્રગ્સ મુક્ત કરવાં પ્રયત્નશિલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

No DRUGS IN RAJKOTના સૂત્ર સાથે આગળ વધી રહેલા શહેર એસઓજીની ટીમ કોઈપણ ભોગે શહેરને ડ્રગ્સ મુક્ત કરવાં અવિરત દોડી રહી છે. ત્યારે ગઈ રાતે માધાપર ચોકડી પાસેથી ૬.૧૪ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે લાઠીના ગુલામઅહેમદ જાખરાને ઝડપી બે મોબાઈલ અનેર રોકડ સહિત રૂ.૭૮૨૦૦ ના મુદામાલ સાથે દબોચી લીધાં હતાં. ડ્રગ્સનો જથ્થો ક્યાં આપવાનો હતો. તે અંગે આરોપીની સઘન પૂછતાછ હાથ ધરી હતી.શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નરશ્રી મહેના બગરીયા, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહીલ, એસીપી ક્રાઈમ ભરત બસીયાએ શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા No DRUGS IN



RAJKOT મિશન અંતર્ગત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ- વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરુધ્ધ કડક કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી એસ.ઓ.જી. પીઆઈ એસ.એમ. જાડેજાની રાહબરી હેઠળ પીએસઆઈ એન.વી.હરિયાણી ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં. ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ સિધ્ધરાજસિંહ જાડેજા અને રાજેશ બાળાને જામનગર રોડ, માધાપર ચોકડી પુલ નીચે એક શખ્સ મેફેડ્રોનના જથ્થા સાથે ઉભેલ હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી મેફેડ્રોન ડ્રગ્સ ૬.૧૪ ગ્રામ રૂ.૬૧૪૦૦ સાથે ગુલામઅહેમદ દિલાવર જાખરા (ઉ.વ.૩૧), (રહે.લાઠી ગામ સેતાપાટી, સંધી વાડો) ને પકડી પાડી બે મોબાઈલ અને રોકડ મળી રૂ.૭૮૨૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો. એસઓજીની ટીમે આરોપી ડ્રગ્સનો જથ્થો રાજકોટમાં ક્યાં સપ્લાય કરવાનો હતો અને પોતે ક્યાંથી લાવ્યો તે અંગે સઘન પૂછતાછ હાથ ધરી હતી.

# અંબિકા ટાઉનશીપની નવોઢા નિમિષાબેનને મરવા મજબૂર કરનાર પતિ-સાસુ સામે ગુનો

### જમાઈને સમજાવતાં તેણે કહેલું કે-તમારી દિકરીને રાખવી નથી, તેડી જાવ... વાપીના ચંડોળ ગામે રહેતા પિતા ધર્મેશભાઈ સોલંકીએ જમાઈ જીત અને વેવાણ ભાવનાબેન શોભાસણા વિરૂધ્ધ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના નાના મવા રોડ પર અંબિકા ટાઉનશીપમાં રહેતી નિમીષાબેન જીત શોભાસણા (ઉ.વ.૨૪) નામની પરિણીતાએ ૨૫મીએ ચોથા માળની અગાસી પરથી પડતું મુકી આપઘાત કરી લીધો હતો. આ બનાવમાં તાલુકા પોલીસે આપઘાત કરનારના વાપી રહેતાં પિતાની ફરિયાદ પરથી તેણીના પતિ અને સાસુ વિરૂધ્ધ આપઘાત કરવા મજબૂર કર્યાનો ગુનો નોંધ્યો છે.

વલસાડના વાપીના ચંડોળ ગામે નવીનગરી ચોકી નં.૧૯ પાસે રહેતાં ધર્મેશભાઈ જેન્તીભાઈ સોલંકી (ઉ.વ.૪૬)ની ફરિયાદ પરથી પોલીસે નિમિષાબેનના પતિ જીત પ્રફુલભાઈ શોભાસણા અને સાસુ ભાવનાબેન પ્રફુલભાઈ શોભાસણા વિરૂધ્ધ બીએનએસની કલમ ૧૦૮, ૮૪, ૫૪, દહેજ પ્રતિબંધક ધારા હેઠળ ગુનો દાખલ કર્યો છે. ફરિયાદમાં ધર્મેશભાઈએ જણાવ્યું છે કે મારે સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે જેમાં નિમીષા મોટી હતી. તેના લગ્ન નવેક મહિના પહેલા ફઈની દીકરીના સબંધી રાજકોટ રહેતા જીત પ્રફુલભાઈ સાથે કરાવ્યા હતા. તા.૨૫ના સવારે દીકરી નિમિષાનો ફોન આવ્યો હતો અને અને મને કહેવા લાગી હતી કે, પપ્પા જીત હવે મને રાખવા માગતા નથી, મને પિયર મૂકી જવાનું કહે છે, અને મારા સાસુ પણ અવાર નવાર હેરાન કરે છે. લગ્ન વખતે




ઘરેણા આપેલા હતા એ પણ સાસુએ લઈ લીધા છે. આથી મેં દીકરીને સમજાવી હતી કે હું જીત સાથે વાત કરી લઈશ, બાદમાં મેં જમાઈ જીત સાથે વાત કરતા તેને જણાવેલ કે હવે મારે તમારી દીકરીને રાખવી નથી, તમારી દીકરીને તેડી જાવ.

આવુ જમાઈએ કહેતાં મેં તેને સમજાવ્યા હતા કે તમે અને નિમીષા થોડા દિવસ અહીં રહેવા આવી જાવ એટલે બધું સારું થઈ જશે. વાત કર્યાની બપોરે દિકરીની સાસુ ભાવનાબેનનો ફોન આવ્યો હતો કે, નિમીષા અગાસી પરથી નીચે પડી જતા તેનું અવસાન થયું છે. આથી હું પત્ની સહિતના પરિવારજનો રાજકોટ સિવિલ હોસ્પિટલએ આવી પહોંચ્યા હતા. જયાં બનાવની બધી વિગત પોલીસ દ્વારા જણાવવામાં આવી હતી. લગ્નના ચાર મહિના બાદ જમાઈ અને તેના માતા કિરીને હેરાન પરેશાન કરતા હોઈ તેનું રહેવું મુશ્કેલ કરી દેતા અંતે દીકરીએ મરવા મજબુર થવું પડ્યું હતું. પીએસઆઈ એલ. બી. ડીંડોરે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના ચાર શખ્સોએ ઊંઝાના વેપારીને ૧૪.૨૩ કરોડનો ધુંબો માર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જીરાના વેપાર સાથે સંકળાયેલી ઊંઝાની ૫ પેઢીઓ પાસેથી રાજકોટના બ્રોકરોએ અલગ અલગ તારીખે માલ ખરીદીને તેના રૂપિયા નહીં ચૂકવીને ૧૪.૨૩ કરોડની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ ઊંઝા પોલીસ મથકે નોંધાઈ છે. વેપારીની ફરિયાદને આધારે સ્થાનિક પોલીસે રાજકોટના ચારેય બ્રોકર સામે ગુનો નોંધ્યો છે. ઊંઝા ખાતે વિસનગર રોડ પર આવેલી ધરતી રેસિડેન્સીમાં રહેતા અમિત ભરતભાઈ પટેલ પોતાના ભાઈઓની સહિયારી ઊંઝા ગંજ બજારમાં પેઢી ધરાવે છે.

તે સિવાય એબી એન્ટરપ્રાઈઝ, અંબાલાલ લલ્લુદાસ પટેલ, રતિલાલ અંબાલાલ પટેલ અને અંબામણી એન્ડ સન્સ સહિતની પાંચે પેઢીઓના અલગ અલગ ભાગીદારો જીરા અને વરિયાળીનું તેમની ક્લિનિંગ ફેક્ટરીમાં પ્રોસેસ કરી પેકિંગ કરીને વેપારીઓને વેચાણ કરે છે. ૨૦૨૩-૨૪ની સાલમાં ૫ પેઢીઓ દ્વારા જીરાના માલની ખરીદી કરી રાજકોટના વિઠલાણી એગ્રી બ્રોકર્સ ફર્મના બ્રોકર હાર્દિક ચતુરભુજ વિઠલાણી, રાધે એગ્રી ટ્રેડ ફર્મના બ્રોકર અરવિંદ માલદેવભાઈ ધોડાદરા (રહે રાજકોટ) બંને જણા તેમની પેઢીએ આવેલા અને તેમની સાથે જીરા વરિયાળીની ખરીદીનું કામકાજ શરૂ કર્યું હતું. ત્યારબાદ અલગ અલગ તારીખે પાંચેય પેઢીઓ પાસેથી જીરાના માલની ખરીદી કરી હતી. જે પૈકી અમિતભાઈની પેઢીમાંથી હાર્દિક ચતુર્ભુજ વિઠલાણી કંપનીના માલિક હેમંત મોહનભાઈ દાવડા (રહે રાજકોટ)ને ૬.૮૧ કરોડના જીરાનો માલ ખરીદ્યો હતો.

બીજા સોમનાથ ટ્રેડિંગ કંપની રાજકોટ પાસેથી પણ ૩.૩૪ કરોડની માલની રકમ લેવાની નીકળે છે. ત્રીજી




એબી એન્ટરપ્રાઈઝ પેઢીમાંથી હાર્દિક વિઠલાણી બ્રોકરે રામ ફાર્મ કોમોડિટીઝના માલિક રવિ હેમંતભાઈ દાવડા રહે રાજકોટની પેઢી માટે ૧.૭૦ કરોડ રૂપિયાનો માલ લીધો હતો. જ્યારે આ જ પેઢીમાંથી સોમનાથ ટ્રેડિંગ કંપની રાજકોટ માટે લીધેલ માલની ૨૩ લાખની રકમ બાકી લેવાની નીકળે છે.રતિલાલ અંબાલાલ પટેલ પેઢીમાંથી પણ સોમનાથ ટ્રેડિંગ કંપની માટે બ્રોકર હાર્દિકે ૧.૬૫ કરોડ રૂપિયાનો જીરાનો માલ ખરીદ્યો હતો અને અંબામણી એન્ડ સન્સ નામની પેઢીમાંથી પણ લીધેલા જીરાના માલના ૨.૮૦ કરોડ રૂપિયા ચૂકવ્યા નહોતા. અન્ય બ્રોકર રાધે એગ્રી ટ્રેડ માલિક અરવિંદ માલદેવભાઈ ઘોડાધરા રહે રાજકોટે પણ જીરાના માલના ૪.૫૦ કરોડ રૂપિયા ચૂકવ્યા ન હતા. આમ રાજકોટના બ્રોકરો દ્વારા ઊંઝાની પાંચ પેટી પાસેથી કરોડોનો જીરાનો માલ લઈ તે પૈકી કેટલાક રૂપિયા ચૂકવ્યા બાદ બાકી રહેલા ૧૪ કરોડ ૨૩ લાખ ૯૬ હજારની રકમ નહીં ચૂકવતા ઊંઝા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# રાપરના ફતેહગઢ પાસેથી ૨.૦૪ લાખના દારૂભરેલી કાર સાથે એક શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ફતેહગઢ નજીક ખાંડેક રોડ પર ઈકો કારમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી હોવાની બાતમીના આધારે સ્થાનિક પોલીસે વોચ ગોઠવી ઈકો કારમાં લઈ જવાતા રૂ.૨.૦૪ લાખના વિદેશી દારૂ અને બિયરના જથ્થા સાથે એકને પકડી વાહન અને મોબાઈલ સહિત કુલ રુ.૪.૦૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરી હાજર ન મળેલા ચાર સહિત પાંચ વિરૂધ્ધ ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરી હતી.

રાપર પીઆઈ જે.બી.બુબડીયાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાપર પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમિયાન કોન્સ્ટેબલ કમલેશભાઈ ચાવડાને બાતમી મળી હતી કે ફતેહગઢ નજીક ખાંડેક રોડ પર ઈકો કારમાં વીદેશી દારૂની હેરાફેરી કરાઈ રહી



છે. આ બાતમીના આધારે વોચ ગોઠવી બાતમી મુજબની ઈકો કારની તલાશી લેતાં કારમાંથી રૂ.૬૦,૮૪૦ ની કિંમતના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૭૫૦ એમએલની ૧૦૮ બોટલો, રૂ.૯૬,૦૦૦ ની કિંમતના ૯૬૦ ક્વાર્ટરિયા અને રૂ.૪૮,૦૦૦ ની કિંમતના બિયરના ૪૮૦ ટીન મળી કુલ રૂ.૨,૦૪,૮૪૦ ની કિંમતનો દારૂ તથા બિયરનો જથ્થો મળી આવતાં રાપરના સમાવાસમાં રહેતા સાહિલ સત્તાર રાઉમાને વાહન અને એક મોબાઈલ સહિત કુલ રૂ.૪,૦૯,૮૪૦ના મુદ્દામાલ સાથે પકડી લઈ કાયદેસર કાર્યવાહી કરી હતી. આ દરોડામાં હાજર ન મળેલા રાપરના શકિતસિંહ ગંભીરસિંહ વાઘેલા, હાર્દિકસિંહ ગંભીરસિંહ વાઘેલા, બનાસકાંઠાના સુઈ ગામના સિધ્ધરાજ અમરશીભાઈ સોલંકી અને કિશન અમરશીભાઈ સોલંકી સહિત પાંચ વિરુધ્ધ ગુનો નોંધ્યો હતો.

# રામનાથપરામાં શ્રમિક યુવાનના હાથ-પગ ભાંગી નાખી અજાણ્યા બે શખ્સોએ લૂંટી લીધો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના રામનાથપરામાં પગપાળા ચાલીને જતા શ્રમિક યુવાન ઉપર અજાણ્યા બે શખ્સોએ હુમલો કરી હાથ-પગ ભાંગી નાખી રૂા. ૭૦૦ની લૂંટ ચલાવી નાશી ગયા હતા જેથી ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયો હતો. આ અંગે એ ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ મુળ ભાવનગરના ટોલકનગરનો વતની અને હાલ રાજકોટમાં રહી મજુરી કામ કરતો સુરેશ હીરાભાઈ સોલંકી (ઉ.વ.૩૪) નામનો યુવાન ગઈકાલે સાંજે મજુરી કામ પરથી છુટી ચાલીને જતો હતો ત્યારે રામનાથપરા જૂની જેલ પાસે પહોંચતા અજાણ્યા બે શખ્સોએ તેને આંતરી લોખંડના પાઈપ વડે હુમલોકરી હાથ-પગમાં પાઈપના ઘા ઝીંકી દીધા હતા જેથી તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલહોસ્પિટલામાં ખસેડાયો હતો. જ્યાં તેને હાથ-પગમાં ફેક્ચર થઈ ગયાનું જણાયું હતું.

પ્રાથમિક તપાસમાં સુરેશ કડિયા કામ અને ભંગાર વિણવાનું કામ કરે છે. તેના જણાવ્યા મુજબ ગઈ કાલે સાંજે ચાલીને જતો હતો ત્યારે અજાણ્યા બે શક્સોએ આવી હુમલો કરી તેની પાસે રહેલા રૂા. ૭૦૦ની લૂંટ ચલાવી નાશી ગયાનું જણાવ્યું હતું.

આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી એ ડિવિઝન પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ ઈજાગ્રસ્ત યુવાનનું નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચોટીલા હાઈવે ઉપર કાર સામે ગાય આવી જતા પશુપાલક ઉપર ફાયરિંગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ચોટીલા તાલુકાના સાંગાણી ગામ પાસે એક ગાય રસ્તેથી પસાર થતી કાર સામે આવી જતા પશુપાલક સાથે કારમાં સવાર વ્યક્તિઓએ બોલાચાલી કરી હતી. અને એક શખ્સે બે રાઉન્ડ ફાયરીંગ કર્યા હતા. જેમાં પશુપાલકને હાથે ઈજા થતા સારવાર માટે રાજકોટ લઈ જવાયો છે. બનાવની જાણ થતા ચોટીલા પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

સુરેન્દ્રનગર જિલ્લામાં ફાયરીંગના બનાવો સામાન્ય થઈ ગયા છે. થોડા દિવસ પહેલા સાયલા તાલુકાના સુદામડા ગામે અંધાધુધ ફાયરીંગનો બનાવ બન્યો હતો. ત્યારે ચોટીલા તાલુકામાં ફાયરીંગનો બનાવ સામે આવ્યો છે. મળતી માહીતી મુજબ ચોટીલા તાલુકાના સાંગાણી ગામે રહેતા ૨૮ વર્ષીય ગોપાલભાઈ મયાભાઈ ટોળીયા



પશુપાલન કરે છે. તા. ૨૬મીના રોજ બપોરે તેઓ પશુઓ લઈને નેશનલ હાઈવે પરથી પસાર થતા હતા. ત્યારે સાયલાથી ચોટીલા તરફ જવાના રસ્તે કાંધાસર ગામ પાસે એક ફોર્ચ્યુનર કાર આગળ ગાય આવી ગઈ હતી. જેમાં ફોર્ચ્યુનર કારના ચાલક સહિત ૫ શખ્સોએ ઉતરી પશુપાલક સાથે બોલાચાલી કરી હતી.

જેમાં એક શખ્સે બંદુક કાઢી ૨ રાઉન્ડ ફાયરીંગ કર્યા હતા. જેમાં ગોપાલભાઈ ટોળીયાને હાથે ઈજા પહોંચતા સારવાર માટે રાજકોટ દવાખાને લઈ જવાયા હતા. બનાવની જાણ થતા ચોટીલા પીઆઈ આઈ. બી. વલવી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. અને કાર ચાલક સહિત આરોપીઓની શોધખોળ આદરી હતી. બીજી તરફ રાજકોટ હોસ્પીટલ લઈ જઈ પોલીસ ટીમે ગોપાલભાઈના નિવેદનને આધારે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.